રા. બ. રણછોડલાલ છોટાલાલ ઈનામી

ભાષણ ગ્રંથમાળા, નં ૧૨.

मादक पदार्थोना सेवनथी थती हानि.

ભાષણકર્તા,

હરિપ્રસાદ ડાહ્યાભાઈ છત્રપતિ,

બી. એ.

રા. બ. રણછોડલાલ છોટાલાલ ઈનામી

ભાષણ ફંડ ખાતેથી

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી.

સંવત ૧૯૬૫. સને ૧૯૦૯.

કીમત એક આનો.

રા. બ. રણછોડલાલ છોટાલાલ ઇનામી
ભાષણ ગ્રન્થમાળા, નં. ૧૨.

मादक पदार्थोना सेवनथी थती हानि.

ભાષણકર્ત્તા,

હરિપ્રસાદ ડાહ્યાભાઈ છત્રપતિ,

બી. એ.

રા. બ. રણછોડલાલ છોટાલાલ ઇનામી
ભાષણ ફંડ ખાતેથી

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.

સંવત ૧૯૬૫. સને ૧૯૦૯.

કીમત એક આનો.

શ્રી "સત્યનારાયણ" પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદ.

રા. બ. રણછોડલાલ છોટાલાલ ઈનામી ભાષણ ગ્રન્થમાળાનો

ઉપોદ્‌ઘાત.

સાર્વજનિક આરોગ્યમાં સુધારો થાય અને કેફી પદાર્થોનું વ્યસન કમી થાય તેવા વિષયો ઉપર પસંદ કરેલા માણસો પાસે અમદાવાદમાં ભાષણો કરાવવા અને તે ભાષણોમાંના જે છપાવી પ્રસિદ્ધ કરવા યોગ્ય જણાય તે છપાવી પ્રસિદ્ધ કરવા સારૂ રા. બ. રણછોડલાલ છોટાલાલ સી. આઈ. ઇ. એમણે ઇ. સ. ૧૮૯૦ માં રૂ. ૨૦૦૦ નાં અમદાવાદ મ્યુનિસિપાલિટીનાં ડીબેંચરો ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને સ્વાધીન કર્યાં છે. એના વ્યાજમાંથી ઇનામ આપીને વખતો વખત જે ભાષણો સોસાઈટી કરાવે છે તેમાંનાં પુસ્તક રૂપે આજ સુધીમાં નીચે પ્રમાણે છપાવવામાં આવ્યાં છે:—

૧.	આરોગ્યતાનાં મૂળતત્ત્વો... ...	૦—૩—૦
૨.	દારૂ	૦—૦—૬
૩.	કેફનિષેધક	૦—૦—૬

૪. હિંદુસ્તાનનાં ગામડાંની આરોગ્યતા. ૦—૦—૩

૫. હિંદુસ્તાનમાં આરોગ્યતાનો સુધારો. ૦—૩—૦

૬. તંબાકુ અને ભાંગનાં માદક તત્ત્વો. ૦—૦—૬

૭. દારૂ અને તેની તન, મન અને ધન ઉપર થતી અસર... ... ... ૦—૧૦—૦

૮. સાર્વજનિક આરોગ્ય. ... ... ૦—૧—૦

૯. મદ્યપાન નિષેધ ... ... ૦—૦—૬

૧૦. શહેરની આરોગ્યતા. ... ... ૦—૦—૬

૧૧. મરકી વિષે ભાષણ. ... ... ૦—૧—૦

૧૨. માદક પદાર્થોના સેવનથી થતી હાનિ. ૦—૧—૦

૧૩. સાર્વજનિક આરોગ્ય વિષે ભાષણ નં. ૨. ૦—૧—૦

ગુ. વ. સોસાઈટીની આફિસ,

તા૦ ૧૬, એપ્રીલ ૧૯૦૯.

માદક પદાર્થોના સેવનથી થતી હાનિ.

૧. આપણા ભાગમાં વપરાતા મુખ્ય માદક પદાર્થો.

જે જે જુદા જુદા માદક પદાર્થો આપણા દેશમાં વપરાય છે તેમનાં નામ:—

તાડી.	ભાંગ.
ગાંજો.	ચડસ.
અફીણ.	દારૂ—દેશી, પરદેશી, વગેરે છે.

૨. દારૂની કરવી જોઈતી ખાસ તપાસ.

જેમણે જેમણે આ વિવિધ પદાર્થોની જનસમાજ પર શી અસર થઇ છે એ તપાસી છે; જેમણે જેમણે એ બાબતમાં વિદ્વાન વૈદ્યોના અને અનુભવીઓના વિચારો જાણ્યા છે; જેમણે જેમણે એ બાબતની સરકારી અને ખાનગી નોંધો તપાસી છે તેમની ખાતરી થઇ છે કે જે જે માદક પદાર્થો આપણા દેશમાં વપરાય છે તેમાં મનુષ્ય જાતનો કટ્ટો દુશ્મન દારૂજ છે.

તા. ૩૧ માર્ચ ૧૯૦૬ ને દિવસે પૂરા થતા વર્ષની એટલે ૧૯૦૫–૬ ની મુંબઈ ઇલાકાની આબકારી આવક નીચે પ્રમાણે નોંધાઇ છે:—

નામ.	લાખ રૂપીઆ.	સેંકડે કુલ ટકા.
૧ દેશી દારૂ.	૯૩·૦૭	૭૪·૪
૨ અફીણુ અને તેમાંથી બનતા પદાર્થો.	૮·૦૧	૬·૩
૩ તાડી.	૧૬·૭	૧૩·૨
૪ ગાંજો.	૫·૭૯	૪·૫
૫ બહારના દારૂના પરવાનાની ફી.	૧·૯૮	૧·૫
૬ દંડ. જપ્ત કરેલી મતા વગેરે પરચુરણુ.	·૭૫	·૫
૭ જવના દેશી દારૂનો સરકારી લાગો.	·૨૨	·૧
૮ દેશી રમ પરનો ,, ,,	·૦૭	·૦૫
	૧૨૬·૬૬	૧૦૦· ૦

સાર.

દારૂ.	૭૬ ટકા.
અન્ય પદાર્થો.	૨૪ ટકા.
	૧૦૦ ટકા.

આ આંકડાઓમાં અફીણ, ગાંજો, તાડી વગેરેની આવક આશરે ૨૪ ટકા છે, જ્યારે બાકીની બધી આવક આ ઇલાકામાં બનતા દારૂની છે. ઉપરના કોઠામાં પરદેશથી આવતા દારૂની કીંમત નોંધી નથી. દારૂનો આ આંકડોજ ૭૬ ટકા જેટલો મોટો છે. આમાં પરદેશથી આવતા દારૂનો આંકડો ઉમેરીએ તો દારૂની ખપતનો આંકડો કેટલો મોટો થાય એ સમજવું સહેલ છે. આ રીતે, માદક પદાર્થોમાં એક કરતાં બીજા માદક પદાર્થ પર આજના વિષયને લગતી તપાસ કરવાની જરૂર વધારે જણાતી હોય તો તે દારૂ–મનુષ્ય જાતના કટ્ટા દુશ્મન દારૂ–વિષે જ કરવી જરૂરની છે એમ આપણી તરત ખાતરી થાય છે.

મુંબઈ ઇલાકાના આ આંકડા દેશના બીજા ઈલાકાઓના આંકડાઓને ઘણે ખરે અંશે મળતાજ છે. જેઓ આ બાબતમાં ઉંડા ઉતર્યા છે, જેમણે આ બાબતમાં બારીક તપાસ ચલાવી છે, તેઓ છાતી ઠોકીને કહી શકે છે કે આ હળાહળતું ઝેર–દારૂ–દેશમાં જે દુઃખ વરસાવે છે તેની આગળ બી-

જું કોઈ પણ દુઃખ કંઈ પણ ગણત્રીમાં નથી. આથીજ બધા માદક પદાર્થોનો ઉપર ઉપરથી વિચાર કરવાને બદલે દારૂ વિષેજ ચોક્કસ તપાસ કરવા મારો વિચાર છે.

૩. માદક પદાર્થોના સેવનથી બે પ્રકારની હાનિ.

દારૂના સેવનથી ઘણા પ્રકારની હાનિ થાય છે; પણ એના બે મુખ્ય ભાગજ પાડીશું:—૧ **સીધી**, અને ૨ **આડકતરી.**

આ સીધી હાનિઓ વિષે વિચાર કરતી વખતે દારૂથી તન, મન, નીતિ, આબરૂ, પૈસા, સગા સંબંધી અને જનસમાજ પર થતી હાનિનો પુરતો ચિતાર, તમારી આગળ રજુ કરવાનો ઇરાદો રાખું છું. આડકતરી હાનિનો વિષય ઘણોજ બહોળો છે. તે વિષે આજે લંબાણથી વિવેચન ન કરતાં મુખ્ય મુખ્ય બાબતો પરજ હું તમારૂં લક્ષ ખેંચીશ.

સીધી હાનિ.

(૧) દારૂથી શરીર ખરાબ થાય છે.

દારૂની મુખ્ય માઠી અસરોમાં પ્રથમ શરીર આવે છે. વૈદ્યો, દાક્તરો વગેરે જેમને જેમને દારૂથી

શરીર પર થતી અસરો જોવાનો ઘણો લાગ મળ્યો છે. તેઓ એકકે અવાજે કહે છે કે દારૂથી શરીર બગડે છે.

શરીરનો મુખ્ય આધાર લોહી ઉપર છે. લોહી-માં પાણીનો મોટો ભાગ છે. દારૂ શરીરમાં વસતા લોહીના સંબંધમાં આવતાંજ આ પાણીને ચુસી લે છે. દારૂ શરીરના મુખ્ય સ્તંભ લોહીને આ પ્રમાણે બગાડે છે. આ પછી આગળ વહેતાં લોહીમાં વસતાં તત્વોમાં તે વિવિધ ફેરફાર કરે છે. આ સઘળા રોગી ફેરફારોથી શરીરમાં જુદા જુદા વિકારો દાખલ થાય છે.

લોહીની નાની મોટી રગોમાં સંકોચાવાનો તથા પહોળા થવાનો ગુણ હોય છે. દારૂના સંબંધમાં આ-વતાં આ **રગોનો સંકોચાવાનો ગુણ જતો રહે છે.** આથીજ દારૂ પીનારનાં નસકોરાં, ગાલ, કપાળ વ-ગેરે લાલ ઘુંદદાણા જેવાં જણાય છે. અજ્ઞાન લોકો દારૂથી માણુસ કેવો રાતોમાતો થાય છે એમ કહી ગાલ, મ્હોં, નસકોરાં વગેરે પરની આ લાલા-શને તંદુરસ્તીનું ચિન્હ સમજે છે, પણ એ મોટી

ભૂલ છે. એ તંદુરસ્તીનું ચિન્હજ નથી; એ તો દારૂથી શરીર પર થતી માઠી અસરોનો પ્રત્યક્ષ પુરાવો છે.

લોહીમાં રાતાં અને ધોળાં એવાં બે જાતનાં બિંદુઓ છે. દારૂથી આ બન્ને બિંદુઓ પર ઘણી માઠી અસર થાય છે. **એથી શરીરના સ્નાયુઓ નબળા પડે** છે; ચામડી, આંખ, નાક, કાન, જીભ પોતાનું કામ કરવામાં કમતાકાત થાય છે. આગળ જતાં આ અસર આખા શરીરમાં અને તેના દરેક દરેક અવયવમાં જોવામાં આવે છે.

જુદા જુદા અંગો પર થતી અસર.

શરીરમાં મુખ્ય પાંચ અંગો છે:—

૧. પેટ—હોજરી.
૨. કલેજું—પિત્તપીંડ.
૩. ફેફસાં.
૪. રક્તાશય.
૫. મૂત્રપીંડ.

પેટ.

પેટ અથવા હોજરી એ શરીરનો મુખ્ય કોઠાર છે. ખાધેલો ખોરાક પ્રથમ પેટમાં જાય છે. આ અં-

ગમાં ઘણાં માઠાં પરિણામ થાય છે. પણ અફસોસની વાત છે કે, આવાં માઠાં પરિણામ થયા છતાં પણ, પેટમાંનો રોગ ઘણોજ વધી જઈ તદ્દન ગંભીર સ્વરૂપ લે નહીં ત્યાં લગી, દારૂ પીનારને એ વિષે જરા પણ ખબર પડતી નથી. આથીજ ઘણા લોકો ફસાય છે અને આ હું દારૂ પીઉં છું, દેખાડો, મને શું થયું છે? એમ બેધડક કહે છે.

દારૂથી પ્રથમ પેટના પડોમાં સોજો આવે છે, નાના મોટા ફોલ્લા થાય છે, ભોંય આળી થઈ જાય છે, સોજો અને ફોલ્લા ફાટે છે તેમાંથી પરૂ અને લોહી વહે છે, તે છતાં પણ દારૂ પીનારને મારા પેટમાં આ શું થાય છે, એ વિષે ચોક્કસ સમજ પડતી નથી. દારૂ પીનાર આથીજ વધારે વધારે પીએ છે અને વધારે વધારે ખરાબ થાય છે. પેટમાંથી રોગ આંતરડામાં દાખલ થાય છે, અને બન્ને અંગ બગડે છે.

કલેજું.

પેટમાં સહેલાઈથી ન પચે એવા ખોરાકને પચવવાનું કામ કલેજા અથવા પિત્તપીંડનું છે. આ રીતે

કલેજું શરીરનું એક મુખ્ય અંગ છે.

દારૂના સંબંધમાં આવતાં પિત્તપીંડનો પાચનરસ બગડી જાય છે. દારૂ પીનારના શરીરમાં આ રીતે ન પચે એવા ખોરાકને પચવવાની શક્તિ ધીમે ધીમે કમી થાય છે. જાથુ દારૂ પીનારાઓમાં પેટની માફક આ અંગમાં પણ સોજો આવે છે, તેમાં ચાંદાં પડે છે; કેટલીક વાર તે વધી ફાટી જાય છે અને તેમાંથી પાચ, પરૂ, લોહી વગેરે વહે છે; આમ છતાં પણ દારૂ પીનારાને તે વિષે કંઈ પણ ચોક્કસ ખબર પડતી નથી.

ફેફસાં.

ખોરાક અને પાણી વગર શરીર કેટલાક દિવસ સુધી ટકી શકે છે, પણ હવા વગર તેમ બનતું નથી. ફેફસાં શરીરની ધમણો છે. એ દ્વારા હવા શરીરમાં જાય છે અને લોહીને સ્વચ્છ રાખે છે. જેમ ફેફસામાં હવા મોટા જથામાં અને ચોખ્ખી આવે તેમ લોહી સ્વચ્છ કરવાનું અથવા બીજી રીતે કહીએ તો શરીરના બગડતા અને બગડેલા ભાગોને દૂર કરવાનું, એટલે શરીરને તંદુરસ્ત રાખવાનું કામ સારી રીતે ચાલે.

દારૂ પીધા પછી બે કલાક સુધી, દર શ્વાસે મ્હોંમાંથી બહાર નીકળતો **ઝેરી શ્વાસનો ભાગ,** દારૂ ન પીધો હોય તે સ્થિતિમાં જેટલો નીકળે તેના કરતાં **ઓછો નીકળે છે.** સાધારણ કસરત કરતી વખતે આ ઝેરી શ્વાસ બીજા વખત કરતાં ત્રણું જેટલો વધારે નીકળે છે.

કસરત અને ચોખ્ખી હવા શરીરના ઝેરને બહાર કાઢવામાં સહાય કરે છે, ત્યારે દારૂ એ ઝેરને શરીરમાંજ રોકી પાડે છે. આ ખરાબ હવા અને ઝેરને લીધે વા, સંધીવા, ઘણી જાતના તાવ, ક્ષય વગેરે રોગો થાય છે.

રક્તાશય.

આપણી છાતીમાં શરીરનો જે ભાગ ધબકે છે તેને રક્તાશય કહે છે. આ ભાગમાંથી ચોખ્ખું લોહી નીકળી આખા શરીરમાં વહે છે અને શરીરનું સમારકામ કરે છે. આ વખતે લોહી શરીરના બગડતા અને બગડેલા ભાગને ઉપાડી લઇ, રક્તાશયમાં પાછું ફરે છે. અહીં તે ચોખ્ખી હવાના સંબંધમાં આવતાં ચોખ્ખું થાય છે અને શરીરનું સમારકામ કરવા

ફરી જાય છે. શરીરમાં વસતા આ મુખ્ય અંગને ઘણું કામ છે. આ કામના ધબકારા પાણી પીનાર માણસના શરીરમાં ૨૪ કલાકમાં ૧,૦૬,૦૦૦ થાય છે, ત્યારે

૧	આઉંસ દારૂ લેનારમાં તે	૪૩૦૦ વાર વધારે સં-
૨	,,	૮૬૭૨ ,, ભળાય છે.
૪	,,	૧૨૯૬૦ ,, ,,
૬	,,	૧૮૪૩૨ ,, ,,
૮	,,	૨૩૯૦૪ ,, ,,

વિદ્વાનોએ આ બાબતની ગણત્રી કરી નક્કી કર્યું છે કે ૬ આઉંસ લગણ દારૂ લેનાર માણસના રક્તાશયપર, આ વધતા ધબકારાનો બોજો સરેરાશ ૨૪ કલાકમાં એક માણસ ૧ મણ બોજો ૯૦૦ ફુટ ઊંચો ચઢાવે, તેટલો પડે છે. દારૂ પીનાર માણસના મ્હોં પર, રાત્રે દારૂ પી સુઈ જઈ આરામ લીધા છતાં પણ, જે થાક, સુસ્તી, આળસ અને કામની બેપરવાઈ જણાય છે તે આ વધતા ધબકારાનુંજ પરિણામ

છે. રક્તાશયનો આ પ્રમાણે દુરૂપયોગ થયા કરે છે તો માઠાં પરિણામ વધે જાય છે અને વિવિધ રોગો દાખલ થાય છે. કેટલીક વાર દારૂડીઆઓનાં રક્તાશય થાકી જઈ અથવા ફાટી જઈ મોત નીપજે છે. દારૂ પીનારના રક્તાશય પર કામનો બોજો વધારે પડે છે એ વાત સમજનારને આ મોત કેમ નીપજે છે તે તરત સમજાય છે.

મૂત્રપીંડ.

દારૂની અસર મૂત્રપીંડ પર તરત જણાય છે. સહેજ દારૂ પીનારના મૂત્રપીંડો પણ રોગી થયાના દાખલાઓ દાક્તરો આપે છે. આ અંગ પ્રથમ કમતાકાત થાય છે, પછી તેમાં સોજો આવે છે અને તે પછી તેમાં થતા રોગના ફેરફાર ચોખ્ખા દેખાય છે. દારૂથી આ અવયવને ઘણું નુકસાન થાય છે.

ભુખ, ગરમી, વગેરે પર થતી અસર.

કેટલાક એમ કહે છે કે દારૂ પીધાથી ભુખ લાગતી નથી, યા મટી જાય છે, ત્યારે બીજાઓ ભુખ ઉઘડવાને માટે દારૂ પીએ છે. આ બે મુદ્દાઓ

એક એકથી ઉલટા છે; છતાં આ બન્ને મત અંગીકાર કરનાર અજ્ઞાન લોકોની સંખ્યા ઓછી નથી.

દારૂ પીધાથી જઠરાગ્નિ સતેજ થાય છે એ વાત ખોટી નથી; પણ તે સતેજ થતાંજ બહેર મારી જાય છે. આથી પેટના જ્ઞાનતંતુઓ પોતાનું કામ કરવાને નાલાયક થાય છે. આ સતેજાવસ્થાને લોકો ભૂખ ઉઘડી એમ કહે છે. એ ખરી ભૂખ નથી, એ તો માત્ર એ ભાગના જ્ઞાનતંતુઓનો ઝમઝમાટ છે. વળી એ સ્થિતિ સહેજ વાર જ રહે છે. આ સ્થિતિને અંતે એ ભાગના જ્ઞાનતંતુઓ બહેર મારી જાય છે. એને લીધે જ અજ્ઞાન લોકો, 'દારૂ પીધાથી જુઓ ભૂખ લાગતી નથી,' અથવા, 'દારૂથી ભૂખ મટે છે,' 'દારૂ પીએ એટલે ખોરાક લેવાની જરૂર રહેતી નથી' વગેરે બોલે છે. પણ આ ભ્રમણા છે.

વિદ્વાનોના અનુભવથી આપણે જાણીએ છીએ કે **દારૂમાં ખોરાકનાં તત્વોજ નથી**, પેટમાં ગયેલો દારૂ **પચતોજ નથી;** તે કાં તો એક અથવા બીજે રસ્તે

શરીરમાંથી બહાર નીકળી જાય છે અથવા તો શરીરના કોઈ અંગમાં જેમનો તેમ પડી રહે છે. એનું લોહી થતું નથી, એટલે એ શરીરમાં જોર અથવા જીવ લાવતો નથી. આવો પદાર્થ ભૂખ શી રીતે મટાડે?

ગરમી.

• દારૂ પીધાથી શરીરમાં ગરમી આવે છે, ઠંડાં મુલકમાં દારૂ પીવોજ પડે, એ વિચાર આપણે અહીં સામાન્ય છે. ઘણા ઘરડા માણસો માત્ર આ વિચારથી જ વિલાયત જઈ આવનાર જુવાનને ન્યાત બહાર મૂકવાની આગેવાની કરે છે. પણ દારૂથી ગરમી આવે છે એ વાત ખોટી છે. દારૂથી ગરમી વધતી નથી પણ ઘટે છે.

વિલાયત કરતાં પણ વધારે ઠંડા મુલકમાં ફરનારા લોકો જેમને રાત દિવસ, મહિનાના મહિના બરફમાંજ ગાળવા પડે છે, જેમનું રહેવાનું ખાવાનું, પીવાનું, સુવાનું સઘળું બરફમાં જ થાય છે, તેવા ઉત્તર ધ્રુવ તરફના મુલકોમાં એક કરતાં વધારે વાર મુસાફરી કરી આવનારાઓમાં પ્રખ્યાત થયેલો દા. રીચર્ડસન

કહે છે, કે દારૂ **પીધાથી ઠંડીમાંથી બચવાની શક્તિ ઘટે છે.** પચે તેવો પુષ્કળ **ખોરાકજ** ગમે તેવી ઠંડીમાં **શરીરને ગરમ રાખવાને માટે ઉત્તમ ઉપાય છે.**

અતિશય ઠંડીમાં ફરનાર ૨૬ માણુસની ટુકડીના દાક્તરે પોતાના ગોઠીઆઓને ઠંડીમાંથી બચવાને માટે આપેલી શિખામણુ યાદ રાખવા જેવી છેઃ—

એક દિવસે મુસાફરી કરતા કરતા અમે સૌ ભૂલા પડ્યા અને રાત પડી. એક તો અંધારી રાત અને તેમાં તાઢ કહે કે મારૂંજ કામ. હમે સૌ લઠ્ઠપુષ્ટ હતા, સરહદની સખત મજુરીને ટેવાયલા હતા, તે છતાં પણ જેમ જેમ રાત વધતી ચાલી તેમ તેમ ટાઢ પણ વધતી જ ચાલી. આજે રાત્રે બચવું મુસ્કેલ છે એમ મને લાગ્યું ત્યારે મેં મારા મિત્રોને ભેગા કર્યા, અને કહ્યું, "ભાઇઓ, આપણી પાસે ખોરાક લુગડાંલત્તાં તેમજ દારૂ પુષ્કળ છે, પણ આજની ઠંડીમાંથી બચવું મુસ્કેલ છે. મારી સલાહ છે કે આજે રાત્રે આપણે આમ તેમ હરવું ફરવું, અથવા તો પરાળમાં જેમ ભરાઈ શકાય તેમ ભરાઈએક એકની જોડે લપાઇ સુઈ રહેવું,

કે જેથી આપણે એક બીજાને ગરમ રાખી શકીએ. **આજે દારૂને ભૂલેચૂકે પણ અડશો નહીં.** હું મારા ધંધાના પાકે આધારે આજ તમને કહું છું કે **જે કોઇ આજે રાત્રે દારૂ પીશે તે કાલ સવાર દેખવાનો નથી.** આ વાત મેં ફરી ફરી કહી પણ થોડાએજ તે પર લક્ષ આપ્યું. હમે ત્રણ જણે ટીપુંએ દારૂ ન લીધો. હમે તો પહેરાય એટલાં કપડાં પહેર્યાં, ઓઢાય એટલું ઓઢયું અને સુતા. અમને પુંકળ ઠંડી લાગી પણ અમે ઠરી ગયા નહીં. અમારામાંના બીજા ત્રણ જ-ણાએ નરમ દારૂ થોડી થોડી વારે લીધો. તેઓએ આખી રાત ટાઢની બુમરાણ કરી. તેઓ ઘણા ઠંડા થઈ ગયા, ઘણું પીડાયા, પણ ઠરી ગયા નહીં. બીજા ૭ જણાએ ખુબ દારૂ પીધો. તેમનાં આંગળાં ટાઢને લીધે દાઝી ગયાં, પણ તેઓ પણ થોડા દિવસ પછી સાજા થયા. બીજા ૬ જણાએ એથી પણ વધારે દારૂ પીધો તેઓ ઘણાજ ઠંડા થઇ ગયા, અને તેમાંથી એકે સારા થવા પામ્યો જ નહીં. એથી પણ વધારે પીનાર ૪ જણ એવા ઠરી ગયા કે આશરે ૪ અઠવાડીઆમાં તેઓ સઘળા સક્કા થઈ ગયા. **બાકીના ત્રણ જણા**

જેઓ એમ માનતા હતા કે વિહુસ્કિથી ટાઢ ઉડશે તે લોકો તો દિવસ ઉગતા પહેલાંજ દેવ-લોક પામી ગયા.

આવા ઘણા દાખલા ટાંકી શકાય પણ સઘળાનો સાર એજ છે કે **દારૂથી ગરમી વધતી નથી પણ ઘટે છે.**

વિદ્વાન દાક્તરો કહે છે કે જે વસ્તુ શરીરમાં જઈ પચે તેનું લોહી થાય છે. દારૂ શરીરમાં જઈ પચતો નથી. એ કાંતો નાક, મ્હોં, પરસેવો, પેશાબ અગર અન્યદ્વારા બહાર નીકળી જાય છે અથવા તો શરીરના જુદા જુદા અંગોમાં જેમનો તેમ પડી રહે છે. આથી **દારૂનું લોહી બનતું નથી.**

વળી દારૂ આપણે આગળ જોયું તેમ લોહીના સંબંધમાં આવતાં લોહીને વિકારી બનાવે છે.

જોર.

દારૂ ખોરાક નથી. એ શરીરને પોષણ આપતો નથી. એનું લોહી થતું નથી. એની ગરમી થતી નથી

એના વિષે જે જાણીએ છીએ તે એટલુંજ કે તે શરીરના અવયવોને બગાડે છે અને તેમાં વિવિધ રોગ ઉભા કરે છે. આવો પદાર્થ શરીરમાં જોર શી રીતે લાવે? ખરી વાત આ છે તેમ છતાં પણ દુનીઆમાં એવાં કરોડો માણસો છે કે જે દારૂથી શરીરમાં જોર આવે છે એમ માને છે અને તેથીજ દારૂ પીએ છે.

મોટા મોટા યોદ્ધાઓ, દુનીયાના પ્રખ્યાત શુરવીરો, મલ્લો અને જેમને જેમને ઘણા શ્રમનું કામ કરવું પડે છે તે તે સઘળાનો અનુભવ દારૂની વિરૂદ્ધમાં છે.

લોખંડના કારખાનામાં જ્યાં ઘણોજ સખત તાપ તથા ઘણી સખત મજુરી કરવી પડે છે ત્યાંનો પણ એ જ અનુભવ છે. **આવા લોકો દારૂને અડકતાજ નથી.**

ઇંટો પકવવાના એક નીભાડામાં જ્યાં દર રૂતુમાં ૨૩ કરોડ ઇંટો તૈયાર થાય છે ત્યાં કારીગરોના કામની નોંધ નીચે પ્રમાણે લીધેલી છે.

દારૂ પીનાર કારીગર સરેરાસ.	૭,૬૦,૨૬૯ ઈંટો બનાવેછે.
„ ન પીનાર „ „	૭,૯૫,૪૦૦ „
	એટલે ૩૫,૧૩૧ નો ફેર પડે છે.
દારૂ પીનાર કારીગરમાંથી હુંશીઆરમાં હુંશીઆર કારીગર	૮,૮૦,૦૦૦ ઈંટો બનાવે છે.
દારૂ ન પીનાર „ „ „	૮,૯૦,૦૦૦ „
	એટલે ૧૦,૦૦૦નોફેરપડેછે.
દારૂ પીનારમાંથી ઓછામાં ઓછી બનાવનાર	૬,૫૯,૦૦૦
„ ન પીનારમાંથી „ „ „	૭,૪૬,૦૦૦
	એટલે ૮૭,૦૦૦નોફેરપડેછે.

સાર. દારૂ ન પીનાર કારીગર દારૂ પીનાર કરતાં દરરોજ વધારે કામ કરે છે.

જો કારીગરો દારૂ પીવાનો તદ્દન બંધ કરે તો દુનીઆમાં આદમી દીઠ જેટલું કામ હાલ થાય છે તેના કરતાં **સરેરાશ વધારે કામ થાય.**

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે દારૂ પીધાથી શરીરમાં જોર આવતું નથી પણ શરીરમાંથી જોર જાય છે.

(ગ) નબળાઈ, રોગ.

દારૂ પીવાથી જઠરાગ્નિ મંદ થાય છે, એથી ઝાડાનો કબજો થાય છે અથવા તો ઝાડો થઈ જાય છે. કાંતો તાવ જેવું લાગે છે કે કાંતો શરીર ઠંડું થઈ જતું હોય એમ જણાય છે. દરેકે દરેક અવયવ અનિયમિત થઈ જાય છે અને તેમાં જુદા જુદા રોગો થાયછે.

ઉંઘ નિયમસર આવતી નથી. કાંતો ઉંઘ ઉંઘ કરવાનું મન થાય છે, કે કાંતો રાતની રાત પથારીમાં આમ તેમ પછાડી મારી ગાળવી પડે છે અને ઉંઘ આવતી જ નથી. મન ચીડીઉં થઈ જાય છે, દારૂના ઝંખના થયા કરે છે અને કટેવ વધે જાય છે.

પીધેલ અવસ્થામાં શરીરનાં જુદા જુદા અંગો જાગ્રત થાય છે પણ થોડીવારમાં પાનો ઉતરી જતાં

પાછાં કમતાકાત થઈ જાય છે. આ રીતે આ ઝેર ફરી ફરી પીવાને અને મોટા મોટા પ્રમાણમાં લેવાને મન તલ્પે છે.

(ઘ) કવખતનું ઘડપણ આવે છે.

થોડો થોડો દારૂ પીનારનું શરીર પણ ધીમે ધીમે કમતાકાત થઇ જાય છે. આંખ, ગાલ, અને લમણામાં કુવા પડે છે. શરીર ફીકું અને સુકું, હાડકાં ચામડાં જેવું થઇ જાય છે. સઘળી તનની અને મનની શક્તિઓ ઘટી જાય છે. ટુંકાણમાં કવખતનું ઘડપણ આવે છે.

જેમ અમદાવાદ અને મુંબઈ જેવાં ગીચ વસ્તી વાળાં ગામોમાં પણ ૫૦ વર્ષની ઉમ્મરનો ભંગીઓ ખૂણેખોચરે ખોળ્યે પણ જડી આવતો નથી, તેમજ દારૂ પીતાં પીતાં તદુરસ્ત રહેતો ઘરડો માણસ પણ જવલ્લેજ મળે છે. આમ છતાં પણ મોટાં મોટાં ગામોમાં જ નહીં પણ નાનાં નાનાં ગામડાંઓમાં પણ ગંદી હવામાં રહી ભર જુવાનીમાં જ ઘરડા થઈ ગયેલા ભંગીઆઓ, અને દરરોજ દારૂ પીઇ પીઇ ભર જુવાનીમાં જ ભોંયસુંઘતા થયેલા વૃદ્ધ જનો કંઇ ઓછા જડી આવતા નથી.

(ચ) આયુષ્ય ટુંકું થાય છે.

મી. નીસન જેમણે દારૂથી આયુષ્ય પર થતી અસરોનો ઘણોજ સારો અભ્યાસ કર્યો છે અને જેમનો પુરાવો ઘણો જ વજનદાર મનાય છે તે કહે છે, કે **દારૂ ન પીનાર માણસો ૨૧ થી ૩૦ વર્ષની ઉમ્મરમાં દારૂ પીનાર કરતાં પાંચ ગણા વધારે જીવે છે, અને ૩૦ થી ૪૦ વર્ષની ઉમ્મરના ૪ ગણા વધારે જીવે છે.**

દારૂ પીવાનો શરૂ કર્યા પછી સાધારણ રીતે,

કારીગર અને મજુર વર્ગ—સરેરાશ.	૧૮	વર્ષ જીવે છે.
વેપારીઓ. ,,	૧૭	,,
સદ્‌ગૃસ્થો અને અન્ય ધંધાધારીઓ ,,	૧૫	,,
બૈરાં. ,,	૧૪	,,

આ બાબતમાં ઘણાજ ઉંડા ઉતરી તપાસ કરવાને માટે પ્રખ્યાત થયેલા દા. રીચર્ડસને, પોતાના અનુભવપરથી ઇંગ્લંડમાં ૨૫ થી ૫૦ વર્ષની ઉમ્મરના માણસોમાં સરેરાશ થતાં મોત નીચે પ્રમાણે આપ્યાં છેઃ—

	૨૫	૩૫	૪૫	૫૫	ની ઉમ્મરે.
ઈંગ્લંડના-સઘળા ધંધાઓમાં કામ કરતા મરદો.	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦	મરી ગયા.
ત્યારે, દારૂનાં પીઠામાં કામ કરતા મરદો.	૧૪૭	૧૫૭	૧૫૪	૧૩૪	મરી ગયા.

જેમને દરરોજ દારૂ બનાવવા, વેચવા, લેવામાંજ જીવન ગાળવાનું છે તે લોકોમાં મોતનું પ્રમાણ કેટલું મોટું છે એ આ કોઠા પરથી સહેજ સમજાય છે. દારૂ ઝેર છે, દારૂ મોત છે, એ વાત હવે કોણ માને એમ નથી ?

જીંદગીના વીમા ઉતારનાર કંપનીઓ દારૂ પીનાર માણસોના વીમા લેતી વખતે ન પીનાર માણસના કરતાં પીનારાઓ પાસેથી ૧૦ થી ૨૦ ટકા વધારે નાણાં માગે છે એજ ચોખ્ખું દેખાડે છે કે દારૂ પીનારને એ પ્રમાણમાં ઓછું જીવવાનો સંભવ છે.

(૯.) મનપર થતી ખરાબ અસર.

કેટલાક લોકો દારૂ ખોરાક નથી એ વાત કબૂલ

કરે છે, દારૂ પાણીની ગરજ પૂરી પાડતો નથી એ વાત ખરી છે એમ માને છે, એ શરીરમાં ગરમી અથવા જોર લાવતો નથી એ પણ ખરૂં છે એમ કહે છે, તેમ છતાં પણ દારૂ મગજનો ખોરાક છે માટે લેવાની જરૂર છે એમ માને છે. પણ આ ભ્રમણા છે. વળી કેટલાક ઉંઘ આણવાને માટે, કેટલાક દીલગીરી દૂર કરવાને માટે, કેટલાક સુસ્તી ઉરાડવાને માટે, કેટલાક ચિંતામાંથી મુક્ત થવાને માટે, ત્યારે કેટલાક બીકણુની બીક ભાગવાને માટે અને કેટલાક બાયલા (કાયર) લોકોને મરદ બનાવવાને માટે દારૂ પીવાની સલાહ આપે છે. મનની વિવિધ સ્થિતિઓને માટે દારૂ એજ એક ખરો અને ચોક્કસ ઉપાય હોય એમ આ લોકો સમજે છે, અને એ ભૂલનાં પરિણામ કેવાં માઠાં થાય છે એ થોડે ઘણે અંશે દરેકના જાણવામાં છે.

દારૂ મનનો ખોરાક છે અથવા તે મનને તેજ રાખવાને માટે જરૂરનો પદાર્થ છે એજ મુદ્દો પ્રથમ તપાસીએ. શરીરનો ખરો આધાર લોહી ઉપર છે. ખોરાકનુંજ લોહી થાય છે અથવા તો જે વસ્તુ શ-

રીરમાં દાખલ થયા પછી તેમાં ફેરફાર થઈ તેનુ લોહી થાય તેનુંજ નામ ખોરાક. પેટમાં ગયા પછી ખોરાકમાં જેવો ફેરફાર થાય છે તેવો કંઇ પણ ફેરફાર દારૂમાં થતો નથી. મુવેલાં માણુસોનાં મુડદાં ચીરી તપાસ કરનાર દાકતરો કહે છે કે દારૂ પીધેલા માણુસોના પેટમાંથી, મગજમાંથી તેમજ શરીરના અન્ય ભાગોમાંથી દારૂ જેવો ને તેવો જરા પણ રૂપાન્તર થયા વગરનો મળી આવે છે. આ જોતાં દારૂ મગજને ખોરાક તરીકે મદદ કરે, મનને જાથુ તેજ રાખે એ અનુમાન ખરૂં નથી.

(ક) મનનો કાબુ ઘટે છે.

જ્યારે માણુસ દારૂ પીએ છે ત્યારે તેના મગજમાં લોહીનો જથ્થો પુષ્કળ વધે છે. આથી વિચારો વધારે ઝડપથી ચાલે છે, મન દોડે છે, અને પરિણામે તે વધારે ઝડપથી થાકે છે. આ રીતે મનની શક્તિ ધીમે ધીમે ઘટે છે અને તેનો કાબુ કમી થાય છે.

(ખ) મન વહેલું થાકે છે.

જેમ થાકેલા શરીરને પોષણુ આપવાને માટે

આપણે ખોરાક લઇએ છીએ, તેમજ મગજને દારૂથી પોષણ મળે છે એવું સમજનારા લોકો, પોતાનું ધારેલું કામ પાર પાડવાને માટે, વધારે વધારે દારૂ પીએ છે. પરિણામે **મગજ** ઘણુંજ ઝડપ કામ કરતું દેખાય છે, એટલે **જલદી ઘસાય છે** અને **ઘણુંજ જલદી થાકી જાય છે.**

(ગ) મન ચગદોળે ચઢે છે.

વળી વિચાર ઝડપ ચાલે છે, એટલે જુદા જુદા વિચારો મનમાં એકી વખતે દોડમદોડ કરે છે. આથી ભારે ગુંચવાડો અને ઘોટાળો થાય છે. દારૂ પીઇ લવનાર પોતાના મનને ઘણો શ્રમ આપી, પોતાને જે કહેવાનું હોય છે તે કહેવા યત્ન કરે છે, પણ તેનાથી કંઇને બદલે કંઈ બોલાય છે. એક વિચારમાં અનેક વિચાર આવી જતા હોય, તેમ એક વાક્ય પૂરૂં થતાં પહેલાં તે હજારો વાતોને લગતા શબ્દો બબડે છે. ટુંકાણમાં, તેના મગજનો કાબુ કમી થતાં તે કાબુ રાખવાને માટે તે જેટલો વિશેષ દારૂ લે છે તેટલે અંશે તે પોતાની ઘોર જલદી ખોદે

છે, અને પીધેલ સ્થિતિમાં તે પોતાના મગજના વિચારો સામાને સમજાવવાને જેટલો જેટલો યત્ન કરે છે તેટલે દરજ્જે તે મનને વહેલું થકવે છે. **દારૂથી મન ચગદાળે ચડે છે** એનો આવો પ્રત્યક્ષ પુરાવો પીઠે પીઠે આપણી જાણને માટે જ્યારે ત્યારે ખડો ને ખડોજ હોય છે.

(ઘ) મનની શક્તિઓ બહેર મારી જાય છે.

જો કોઇ ગાડીના પૈડા ઉપર ઘણા રંગ પુર્યા હોય તો તે રંગ જુદા જુદા છે એવું જ્યારે પૈડું ધીમું ચાલે છે ત્યારેજ આપણા જોવામાં આવે છે; પણ જ્યારે પૈડું ઝડપથી ચાલવા માંડે છે, ત્યારે તેમ થતું નથી. તે વખતે તો બધા રંગ જાણે એકજ રંગ હોય એમ ભેળસેળ થઈ જાય છે. મન જ્યારે દારૂની ચક્કીપર ચઢે છે ત્યારે પણ એમ જ થાય છે. એ વખતે કલ્પનાશક્તિ, યાદદાસ્તિ, સારા ખોટાનો વિચાર, લાગણી, નિયમ વગેરે સૌનો જબરો ગુંચવાડો, ઘોટાળો, થાય છે, અને કંઇ પણ કામ કરતાં દર પળે વધારે વધારે શ્રમ પહોંચે છે

અને મન વધારે વધારે થાકે છે. ધીમે ધીમે મનની સઘળી શક્તિઓ અવ્યવસ્થિત થઇ બહેર મારી જાય છે.

આ જોતાં સૌની ખાતરી થશે કે,

૧. પુષ્કળ કામ કરવું હોય

૨. સારામાં સારી જાતનું કામ કરવું હોય

૩. સખતમાં સખત કામ કરવું હોય

૪. ઝડપમાં ઝડપ કામ કરવું હોય

૫. તદ્દન ભૂલ રહીત કામ કરવું હોય

તો તમે ગમે તે સ્થિતિમાં હો, તમારે ગમે તે કારણુ હોય તો પણુ **માદક પદાર્થોના સેવનથી તદ્દન દુરજ રહેજો,** અને યાદ રાખજો કે થાકેલા અંગને સમારવાને તથા સાજું સમું કરવાને માટે, ગયેલી શક્તિ પાછી લાવવાને માટે ખોરાક, પાણી, હવા અને આરામ એજ ખરા ઉપાય છે.

(ડ-) માફકસરનો આંક રહેતો નથી.

કેટલાક લોકો જરીક દારૂ લેવામાં, માફકસર દારૂ લેવામાં, કંઈ વાંધો સમજતા નથી. પણુ આ તેમની ભૂલ છે. જરીક દારૂ એટલે શું ? માફકસર દારૂ કોને

કહેવો ! એ પણ આગળ જતાં સવાલ થઇ પડે છે. આજે જેટલાં ટીપાં જરીક ગણાય તેટલાંજ ટીપાં થોડા દિવસ પછી મનને તેટલું સતેજ કરવાને માટે બસ થતાં નથી, આથી એવું એજ કામ કરનારને દરરોજ માદક પદાર્થનું વધતું વધતું પ્રમાણ લેવાની જરૂર લાગે છે. આ રીતે આજે ૧૦ ટીપાં તો કાલે ચમચો, અને પછી ચમચાનો પ્યાલો અને પ્યાલાની બાટલી થાય છે. ધીમે ધીમે બાટલીને બાટલા વાપરતાં પણ તે કામ થતું નથી અને **માણસ આ ખોટી ટેવમાં જરાક લેવામાં કંઈ પણ હરકત નથી એમ માને છે માટેજ ફસાય છે.**

(ચ) મગજ બગડતાં બીજાં અંગો બગડે છે.

વળી મગજ કમતાકાત થાય છે કે તરતજ દારૂની અસર શરીરના અન્ય ભાગો પર પણ દેખાવા માંડે છે. પેટ, રક્તાશય, ફેફસાં, કલેજું વગેરે સર્વે અંગો ધીમે ધીમે બગડે છે અને પોતાનું કામ કરવા નાલાયક થાય છે.

આ રીતે જોતાં મગજ જોડે કામ કરનારાઓએ

તો આવા માદક પદાર્થોથી તદ્દન દૂરજ રહેવું સલાહકારક છે.

(૭) મગજને લગતા રોગ થાય છે.

માદક પદાર્થોના સેવનથી મગજને લગતા વિ-વિધ રોગો થાય છે. આમાં જ્ઞાનતંતુઓને મોટો ધોક્કો પહોંચે છે. માદક પદાર્થો લેવાથી થતી જાગૃતિ, અને તે પછી થોડીજ વારમાં લાગતો થાક, મગજના આ મુખ્ય અંગને મોટી હાનિ કરે છે. આથીજ માદક પદાર્થો લેનારને આસપાસનું બરોબર ભાન રહેતું નથી, અને એથીજ જુદા જુદા અંગો તરફ મોકલવાના સંદેશા મન બરોબર જ્યાં ત્યાં મોકલી શકતું નથી, ઘડીએ ઘડીએ મગજને સતેજ કરવાનો યત્ન કરવામાં આવે છે એટલે મગજને આરામનો વખત મળતો નથી. અને કદાચ વખત મળે તોપણ એ ઝેરની માઠી અસરને પરિણામે ખરો આરામ મળતો નથી.

આનેજ લીધે મગજ વારંવાર અતિશય જાગૃત થઇ જાય છે, માણસો જુદી જુદી જાતના અવાજો

સાંભળે છે, જુદી જુદી જાતના આભાસો જુએ છે, અને જે વસ્તુ સાંભળવી, દેખવી, જોવી, વગેરેથી જે વિષે તેને જ્ઞાન થવું જોઇએ, તે વિષે તે તદ્દન બેભાન રહે છે.

દારૂ પીવાથી મગજમાં લોહી ચઢે છે, એવે વખતે માણુસ ખરી રીતે ઉંઘવો જોઇએ પણ મગજની અતિ જાગૃતિને લીધે તે સુએ છે તોપણ તેને ચેન પડતું નથી. તે પળવાર ઉંઘે છે અને પળમાં જ જાગે છે. ઉંઘવાને માટે તે પ્યાલા પર પ્યાલા ચઢાવે છે અને એને પરિણામે સુસ્ત જેવો પડી રહે છે. પણ એ ખરી ઉંઘ નથી. એ વખતે નસ્કોરાં બોલે છે એટલે આસપાસના માને છે કે એ ઉંઘે છે પણ તેના મનને આરામ હોતો નથી; તે તો થાકેલો, લોથપોથ, બેભાન હોય છે.

સ્ત્રીઓને અને પુરૂષોને, પણ મુખ્યત્વે કરીને **સ્ત્રીઓને દારૂથી હીસ્ટીરીઆ થાય છે.** આ વખતે તેમની લાગણીઓ ઘણીજ તિવ્ર થાય છે, તેઓ જુદા જુદા અવાજો સાંભળે છે અને જુદી જુદી વ-

સ્તુઓ દેખે છે. તેમની જીભ બંધ થઈ જાય છે, ગળું ભરાઈ જાય છે, બોલવા મન થાય છે, પણ બોલાતું નથી. ટુંકાણુમાં મગજ તદ્દન ઠેકાણા વગરનું દેખાય છે.

કેટલીક વાર દારૂથી ફેફરૂં થાય છે અને આવે વખતે દારૂની લતમાંને લતમાં જ આવા દારૂડીઆઓ મરણુ શરણુ થાય છે.

કેટલીક વાર દારૂની અસરથી મગજમાંની લોહીની એકાદ નળી ફાટી જાય છે. અને સઘળે લોહી ફેલાઇ જતાં મોત થાય છે. ફેફરાથી અને આ રીતે થતાં મોતો સામાન્ય માણસોને દારૂથીજ નીપજ્યાં હોય એમ એકદમ સમજ પડતી નથી, એટલે સરકારી દફતરોમાંથી મોતનું કારણુ દારૂ અથવા આવો અન્ય દુર્ગુણુ છે એમ સમજાતું નથી, છતાં પણુ અનુભવીઓના મત પ્રમાણે આવા મોતની સંખ્યા એટલી મોટી હોય છે કે તેનો ખ્યાલ કરવો પણુ મુશ્કેલ છે.

દારૂથી તન અને મન બન્નેનો ઘાણુ નીકળે છે.

મગજનો કાબુ તદ્દન નાશ થાય છે એટલે જુદા જુદા ભાગો જુદા પડી જાય છે. ઘડપણમાં જેમ પક્ષાઘાત થાય છે તેમ દારૂથી પણ જુદાં જુદાં અંગો રહી જાય છે. શરૂઆતમાં આ સ્થિતિ ઘણોજ થોડો વખત ચાલે છે પણ જ્યાં દારૂની લત જાથુની હોય છે ત્યાં તો તનઅને મન બન્ને પર આવી અસર જાથુની થતી જોવામાં આવે છે.

વિલાયતજેવા દેશોમાં જ્યાં દારૂ સાધારણ માદક વસ્તુગણાય છે ત્યાંની ગાંડાઓની ઇસ્પીતાલોમાં રહેતા ગાંડાઓનો મોટો ભાગ દારૂની લતમાંજ ખરાબ થયેલાઓનો મળી આવે છે. આપણે અહીં દારૂડીઆઓ કરતાં ગાંજો ફુંકનાર ગાંડાઓ વધારે મળી આવે છે. આ બન્ને માદક પદાર્થ છે અને બન્નેની અસરથી મગજ ભમી જાય છે. એના પ્રત્યક્ષ પુરાવ તરીકે આપણી ગાંડાની ઇસ્પીતાલો અને તેમાં વસ્તું ગાંડાનું લશ્કર બસ છે.

દા. હાઉએ ૩૦૦ ગાંડાઓનાં માબાપોની ટેવો વિષે બારીક તપાસ ચલાવ્યો હતો, અને તેની ખા-

ત્રી થઈ છે કે તેમાંના અડધો અડધનાં માબાપ પાક્કા દારૂડીઆં હતાં. દા. લુનીઅર અને અન્ય પ્રખ્યાત ડાક્તરો પણ કહી ગયા છે કે "મોટા શહેરોમાં મંદ **બુદ્ધિવાળા બાળકોમાંના ઓછામાં ઓછા અડધો અડધનાં માબાપો પાક્કા દારૂડીઆજ હોય છે.** પ્રખ્યાત ડાક્તર લીગ્ઝ કહે છે કે:—

"Riots are engendered by a single act of alcoholic excess. It determines the character of the unborn child ; *it strikes a blow at reason* and *virtue in the very womb.* A drinking father is a fool, and a drinking mother a monster," એ ખરેખર અક્ષરે અક્ષર ધ્યાન આપવા જેવું છે.

(જ) મગજ સાથે કામ કરનાર સૌથી વધારે હેરાન થાય છે.

આ બધું જોતાં એજ સાર નીકળે છે કે જેમને જેમને મગજ જોડે કામ છે તેમને આ ખરાબ લ-

તોથી સૌથી વધારે હેરાન થવું પડે છે, અને એવા માણસોએ તો અવશ્ય કરીને દારૂ અને અન્ય માદક પદાર્થોથી તદ્દન અલગ રહેવું.

(૩.) નીતિ ભ્રષ્ઠ થાય છે.

દારૂથી તન અને મન પર શી અસર થાય છે તે આપણે જોઈ. હવે દારૂથી માણસની નીતિ ઉપર શી અસર થાય છે તે પણ તપાસીએ.

શરીરનો રાજા મન છે. દારૂથી મનનો કાબુ ઘટે છે એટલે માણસની બુદ્ધિમાં ફેર પડે છે. માણસ અને પશુમાં ઘણા ગુણો સરખા છે. પણ તે બન્નેમાં મુખ્ય તફાવત એ છે કે માણસમાં બુદ્ધિ છે, પણ પશુઓમાં તે બરોબર ખીલેલી દેખાતી નથી. આથી માણસ, સારૂં શું, ખોટું શું; શું કરવું, શું ન કરવું; શા માટે એ કરવું, શા માટે એ ન કરવું; એ સમજી શકે છે; પણ પશુઓ તેમ કરી શકતાં નથી. આથીજ આપણે ખોટી રીતે વર્તનાર માણસને ઠપકો આપીએ છીએ અને સારી રીતે વર્તનાર માણસના ગુણ ગાઇએ છીએ. ટુંકાણમાં બુદ્ધિનો સારો ઉપયોગ એ નીતિનો પાયો છે.

દારૂથી મગજ ચકી પર ચઢે છે, અને વારંવાર બહેર મારી જાય છે. આવે વખતે બુદ્ધિ, યાદશક્તિ, વિચાર વગેરે મંદ પડી જાય છે. અને માણસ ન બોલવાનું બોલે છે, ન કરવાનું કરે છે; ન ખાવાનું ખાય છે અને ન લેવાનું લે છે. ટુંકાણમાં આવી સ્થિતિ વખતે, માણસ અને પશુ વચ્ચે જે તફાવત સાધારણ રીતે આપણા જોવામાં આવે છે, તે તદ્દન જતો રહેતો લાગે છે, અને તે જાણે

साक्षात् पशुः पुच्छविषाणहीनः જ દેખાય છે.

બુદ્ધિ અથવા અંતઃકરણ ધીમે ધીમે આ પ્રમાણે બહેર મારી જાય છે એટલે ખોટું કામ કરનારને અત્યાર લગણ અંતઃકરણ જે રીતે રોકતું હતું તે રોકી શકતું નથી. હવે માણસ ખોટે રસ્તે બેધડક ચાલ્યા કરે છે, એક અનીતિને રસ્તેથી બીજી અનીતિ કરે છે, અને છેલ્લે, અંતઃકરણ લાશ જતે, એક મહાન કવિ કહી ગયો છે કે:—

"That tranquil height
Where wisdom purifies the sight,

And God unfolds to the humble gaze
The bliss and beauty of his ways."
તેમ નીતિવાળાં સ્ત્રી પુરૂષો ઇશ્વરના રસ્તાનાં સૌંદર્ય અને સુખનો જે ઉત્તરોત્તર અનુભવ કરે છે તેનો તેઓ સ્વપ્ને પણ ખ્યાલ કરી શકતા નથી.

દારૂના પીઠામાં જઈ તપાસ કરનારને માલમ પડે છે કે પોલીસ, ન્યાયાધિશો, જેલરો, દાક્તરો, ધર્મ ગુરૂઓ અને અન્ય પુરૂષો જેમને જેમને આ બાબતનું જ્ઞાન થવાનો સંભવ છે તેઓ માદક પદાર્થોના વિરૂદ્ધમાં જે જે કંઈ કહે છે તે અક્ષરે અક્ષર ખરૂં છે. દારૂ દરેક ખોટા રસ્તાનું મૂળ છે. દારૂ લેનાર જૂઠું બોલતાં શરમાતો નથી. ચોરી, છીનાળી, દોંગાઈ, દગો, ઠગાઇ, ઠુંકાણુમાં જે જે રસ્તાઓ માણસો વખોડે છે, તે સઘળા દારૂ પીનાર જાણે છે. એમાં દારૂ પીનાર પાવરધો થયેલો હોય છે. એજ રસ્તા તેને માન્ય હોય છે. બીજી રીતે કહીએ તો એ ખોટી લતોનો તે સદાનો દાસ થઈ ગયેલો હોય છે. દારૂની લલુપતા તેમને દરેક ખોટે રસ્તે દોરવે છે, અને દિવસ જતે દારૂ તેમના પર એવો સજ્જડ કાબુ કરી બેસે છે કે તે માણુસોમાંથી મનુષ્યત્વ

જતું રહે છે અને પશુમાં અને તેમનામાં જરા પણ તફાવત લાગતો નથી. આવા માણસોને નીતિભ્રષ્ટ નહીં તો કેવા કહેવા?

(૪) આબરૂ જાય છે.

દારૂ પીનાર માણસને શરીરનું ભાન રહેતું નથી: તે જ્યાં ત્યાં પડે છે. આથી તેને જોનાર દરેક માણસ તેનાથી કંટાળે છે. પોતાની ખરાબ ટેવ પ્રમાણે ચાલવાને માટે તેને ઘડીએ ઘડીએ પૈસા જોઇએ છીએ. એ પૈસા મળતા નથી ત્યારે ઘરનાં કપડાં લત્તાં, દર દાગીના અને જર ઝવાહીર વેચે છે. ધીમે ધીમે વાડી વજીફા અને ઘરબાર ગીરો થાય છે અને વેચાય છે. હવે પાસે મીલકત વગર કોઈ નાણાં ધીરતું નથી. હવે તે ચોરી, ધાડ, ખુન, દગો અથવા ગમે તે હલકામાં હલકે રસ્તે પણ નાણાં મેળવવા યત્ન કરે છે. આવે વખતે, એનાં બૈરાં છોકરાં પણ એનો વિશ્વાસ કરતાં નથી, આડોશી પાડોશી આગળ એની આબરૂ રહેતી નથી, બજારમાં એને કોઈ ઉભું રાખતું નથી, ન્યાત જાત, સગા સંબંધી, ગામ પરગામ, એ ફટ ફટ થાય છે. વળી

જેમ તેનો વધારે તિરસ્કાર થાય છે, તેને વધારે વધારે હાડછેડ થાય છે, તેમ તેમ તે વધારે વધારે નફ્ટ થાય છે, અને છેલ્લે હાથથી જાય છે. જ્યાં જ્યાં આવીજ સ્થિતિ હોય ત્યાં ત્યાં દા. લીડીઝ પેરિસ તે માટે કહે છે કે ત્યાં દર *ત્રીજું બાળક બેઅુનિયાત હોય છે, તેમ હોય તો તેમાં નવાઈ પણ શું?

આવી ખરાબ લતોમાં પાયમાલ થયેલાં કુટુંબોના દાખલા ફળીએ ફળીએ અને શેરીએ શેરીએ જોવામાં આવે છે. મોટી મોટી ન્યાતોમાં શેઠીઆઓની માઝા શાથી રહેતી નથી? દર જમણવારે જુવાનીઆ ફાંકડે-રાવ થઈ ઠેકાણાં વગર કેટલીક ન્યાતોમાં ફરે છે તેનું કારણ શું છે? લાડુના ટોપલે ટોપલા કયાં જાય છે તેનો પત્તો લાગતો નથી એવી બૂમ મારનાર ગૃહસ્થો-નેજ પુછો કે તમો જાણતા નથી કે તે કયાં જાય છે, અને

* 'With such habits, temptatios and examples, can we wonder that every third brith in Paris is illegitimate.' (Dr. Leeds. Temperance Text book.)

જાણો છો તેમ છતાં તે રોકવાને માટે અશક્તિ, અને તેથી નીપજતાં અફસોસને પરિણામે જ આ ઉદ્ગારો કાઢવા પડે છે એ સત્ય છે? એવુંજ જ્યારે આપણે કબૂલ કરવું પડે છે ત્યારે નીતિની ટોચ પરથી ગબડાવી અનીતિના નરક રૂપી ખાડામાં ફેંકી દેનાર, મૂછ પર તાવ દઈ ફરનારને નીચું ઘલાવનાર, પેઢી દરપેઢીથી આબરૂદાર ગણાતાં અને ન્યાતના આગેવાન, કર્ત્તા-હર્ત્તા, શેઠશાહુકાર અને સલાહ લેવા લાયક સારામાં સારાં મનાતાં કુટુંબોની આબરૂ બે-આબરૂ કરનાર આ ખરાબ બદી છે એવું બારીક તપાસ કરનારને માલમ પડે છે. આવેજ વખતે આપણે દિલગીરી સાથે સમજી શકીએ છીએ, કે સુધરેલા મનાતા વખતમાં સુધારાને કલંક રૂપ, અને વારંવાર સુધારાને નામેજ દાખલ થઇ જતા, આ દુર્ગુણો, જનસમાજને કેટલું નુકસાન કરે છે.

એડીનબર્ગ શહેરનો જાણીતો મેજીસ્ટ્રેટ મી. ડેવીડ લુઈ "૧૯ મી સદીની અંદર દારૂનો વેપાર તેની વૃદ્ધિ અને તેની અસર" એ નામના પોતાના પુસ્તકમાં સરકારી કામ કરતાં થયેલા પોતાના જે જે અ-

નુભવ ટાંકે છે તેમાં કેટલાક કેદીઓના દારૂના સંબંધના અનુભવ જાણવા જોગ છે.

"Give us a chance by shuttng up the public houses, if you really wish to save us," was a remark addressed to us by one from among a group of prisonors at midnight in a police cell. "Were this done you would find that we would be as sober as you are. With a licensed grocer on one side of the close and a public house on the other side, and cursed as I am with the craving for drink, I feel it is one thing to make resolutions, but another to keep them. When working in Greenock, and Glasgow, I signed and canvassed the work with a petition in favour of Sir Wilfrid Lawson's Permissive Bill,

but it was of no use," and with bitter sarcasm he added, "*So long as Government gets our money for Revenue, I suppose they don't care what comes of us.*" This latter sentence was tenchingly assented to by a number of his associates in trouble.

અર્થાત્ "અમને બચાવવા હોય તો દારૂના પીઠાં બંધ કરો, અને અમે તમારા જેવાજ નીતિવાળા, શાંત, દુર્ગુણ રહીત થઇશું, પણ દારૂની લતે ચડ્યા પછી, તેની લલુપતા લાગ્યા પછી, આ બાજુએ પણ પીઠું અને આ બાજુએ પણ પીઠું દેખી, દારૂ ન પીવાના અમારા ઠરાવો ઠેકાણે જ રહે છે," વગેરે વગેરે એ કેદીઓના મોઢામાંથી જ નીકળેલા શબ્દો સાંભળનાર મેજીસ્ટ્રેટના મનમાં દારૂજ નીતિનું સત્યાનાશ ઘાલનાર છે એમ આવ્યા વગર રહે ? વળી જે મી. લુઇએ વિલાયતમાં જોયું છે અને અનુભવ્યું છે તેનું તેજ આપણે અહીં પણ ચકલે અને ચૌટે દેખાય છે. દુની-

આના દરેક દરેક દેશમાંથી દોડી આવી આપણી આંખ પાસ ખડા થતા આવા દાખલાઓ દારૂજ આ સઘળી અધોગતિનું કારણ છે, એમ આપણને પોકારી પોકારી કહે છે. જ્યારે એમ જ છે ત્યારે તો આ બાબતની ચોક્કસ તપાસ કરવાની જરૂર છે.

(૫) પૈસાની ખુવારી થાય છે.

દારૂથી પૈસા ટકાની ખુવારી થાય છે એ વાત સમજવી સૌથી સહેલી હોય એમ સરકારી દફતરો પરથી ઉપજાવી કાઢેલા આંકડાથી વાંચનારને લાગે છે. પણ દારૂની બીજી અસરોની માફક જ આ બાબત પણ સામાન્ય માણસો સહેલાઇથી સમજી શકતા હોય એમ દેખાતું નથી.

મોટાં મોટાં શહેરોમાં અને નાનાં નાનાં ગામડાંઓમાં દારૂને લીધે થતી દ્રવ્યની હાનિનો ઇતિહાસ મહોલ્લે મહોલ્લે, ચકલે ચકલે અને પીઠે પીઠે વગર લખ્યે, વગર ચીતર્યે, વગર જણાવ્યે આપણા સૌના વાંચવામાં, જોવામાં અને જાણવામાં આવે છે.

ખાડીઆની ગોલવાડના ઘરો ગોલાના હાથમાંથી બ્રાહ્મણ, ક્ષત્રિ અને વાણીઆને હાથ કેમ ગયાં? એનો

એક જ જવાબ દારૂ—પાંચકુવા દરવાજાના પીઠામાંથી મળતો દારૂ છે. રાયપુર, કાળુપુર, દરીઆપુર, શાહપુર, તાજપુર વગેરે વગેરે અમદાવાદના મુખ્ય ભાગોમાં ફરીને તપાસ કરનારને તરત જ માલમ પડે છે કે ઉપલું સત્ય માત્ર અમદાવાદના એક ખુણાને માટે ખરૂં છે એમ નથી, પણ તે આખા શહેરને માટે ખરૂં છે.

દેશનો પૈસો દેશના કારીગરો તથા તેમની તબીઅત છે.

એજ ખાડીઆના ગોલાઓ, આજથી ૧૫—૨૦ વર્ષ પર લઠ્ઠ પુષ્ટ જુમા મરદ જેવા ફરતા હતા તે હાલ તદ્દન મૈકાંગલા જેવા, હાલવા ચાલવા અને કામ કરવાની હોંસ વગરના, બૈરાની કમાઇ પર તાગડધીન્ના કરનારા, અને તેમનાં મહેનતુ, પરગજુ અને અભણ છતાં પણ ધણીની આબરૂ અને ઘરની લાજ રાખવામાં તથા તેની ચાકરી કરવામાં પોતાનું કર્તવ્ય સમાયલું છે એવું માનનારાં બૈરાંને આશ્રેજ જીવનારા થઈ પડવાનું કારણ શું છે! એજ પાંચકુવાનું પીઠું.

મિત્રો, આ સઘળું મેં જાતે જોયું છે. ત્યાં વારંવાર ફરી ફરી તપાસ કરી ખાતરી કરી નક્કી કર્યું છે કે એ પીઠા સિવાય તે ગોલાઓને પાયમાલ થવાને

માટે બીજું કશું કારણ નહોતું અને હજી પણ નથી.

મિત્રો, આ અભણ બૈરાં અજ્ઞાત હોવાને લીધે તેમના ધણી તથા છોકરાઓને તે ખરાબ લતોમાંથી બચાવવાને માટે તદ્દન અશક્ત છે. આમ છતાં પણ જ્યારે જ્યારે હું એ લોકોને દારૂથી દૂર રહેવાને શિખામણ આપું છું ત્યારે ત્યારે આ બૈરામાંનાં લગભગ બધાં પોતાના ભાઇ, બાપ, કાકા, મામા, ભાણેજ, ભત્રીજા તેમજ ધણીઓને તે લતમાંથી બચાવવાને માટે પુષ્કળ મદદ આપે છે, વારંવાર તેમને દારૂ ન પીવાના સોગન ખવડાવે છે, તે પળાવવાને મથે છે, પણ પાંચકુવાનું પીઠું અમારી આ સઘળી યોજના ધૂળધાણી કરી નાખે છે. જેવી ગોલાઓની દશા થઇ છે તેવી જ આ ગામના કુંભારો, ધોબીઓ અને અન્ય કારીગર વર્ગની પણ દશા થઈ છે. વળી અમદાવાદનો આ ઇતિહાસ આખા મુંબઇ ઇલાકાનો જ નહીં, પણ આખા દેશનો, આખી પૃથ્વીમાં જ્યાં જ્યાં દારૂ અથવા એવા માદક પદાર્થો છૂટથી મળી શકે છે ત્યાં ત્યાંનો ઇતિહાસ છે. આ સઘળી પૈસાની, દેશના દ્રવ્યની, ખુવારી નહીં તો બીજું શું છે?

આબકારી આવકના આંકડા અને તે ઉપરથી નીકળતાં અનુમાન.

વળી જુઓ, કે હિંદુસ્તાનની આબકારી આવક

જે	૧૮૭૪–૭૫	માં	૧,૭૫૫,૦૦૦	પાઉન્ડ	હતી
તે	૯૪–૯૫	,,	૩,૯૬૫,૦૦૦	,,	થઈ
,,	૯૯–૧૯૦૦	,,	૪,૧૬૬,૦૦૦	,,	થઈ
ને	૧૯૦૬–૦૭	,,	૬,૫૧૦,૦૦૦	,,	થઈ

એજ સૂચવે છે કે આખા દેશમાં **દારૂને લીધે દ્રવ્યની અઢળક ખુવારી થાય છે.**

નીચે આપેલા મુંબઇ ઇલાકાના જુદા જુદા આંકડા પરથી સ્પષ્ટ જણાશે કે ઇલાકે ઇલાકે અને પ્રાન્તે પ્રાન્તે પણ એની એજ દશા છે.

આખા મુંબઇ ઇલાકાની આબકારી આવક જે

૧૮૬૭–૬૮ માં	રૂ.	૨૩,૮૨,૮૯૪	હતી.
૮૬ ,,	રૂ.	૭૧,૯૬,૩૨૯	,,
૧૯૦૫–૦૬ ,,	રૂ.	૧૨૬,૬૬,૧૪૨	થઈ.

આ આંકડાઓ જોતાં ચોખ્ખું સમજાય છે કે **૧૮૬૭–૮ કરતાં દેશમાં ૧૮૮૬–૮૭માં દારૂનું ખર્ચ ત્રણગણું થયું છે. ૧૯૦૫–૬ માં લગભગ ૫ થી ૬ ગણું થયું છે.** આ આંકડાઓ ધ્યાનમાં લેતી

વખતે એ યાદ રાખવું જરૂરનું છે કે આબકારી ખાતા પાછળ સરકાર મોટો ગંજાવર ખર્ચ રાખે છે અને તે સઘળો સરકારી તીજોરીમાંથી, એટલે લોકોના ગજવામાંથીજ અથવા બાજી રીતે કહીએ તો દેશમાંથી સરકારે ઉઘરાવેલા કરમાંથી જ થાય છે. વળી આ આંકડાઓમાં પરદેશી દારૂની કીમત જેનો આંકડો લાખો અને કરોડો રૂપીઆ જેટલો હશે તે ગણુવામાં આવેલો નથી. કારણુ કે તે માલ વેપારી લાવે છે, અને તેના ઉપર સરકારે ઠરાવેલા કર આપી, વેપારીઓ તેને પોતાના થકો વેચે છે. આથી આ આંકડાઓ જ્યારે ઉપરના આંકડાઓમાં ઉમેરીએ ત્યારે તો દેશમાંથી જે અઢળક પૈસા સૂપડે અને ટોપલે, ગાડીએ અને ગાલ્લે દારૂ ઘસડી જાય છે તેનો કંઇક ખરો આભાસ આપણુને આવે એ બનવાજોગ છે.

આના આજ આંકડા તમારી આગળ ખુલાસાવાર સમજ પાડવાના ઇરાદાથી ફરી જુદા રૂપમાં રજુ કરૂં છું, અને આશા રાખું છુ કે દારૂ જે દ્રવ્ય દેશમાંથી ઘસડી જાય છે તે જોતાં દેશને ગરીબ કરી દેવાનું તે કેટલું સમર્થ સાધન છે તે તમે સહેલાઇથી સમજશો.

૧. દારૂ વગેરે માદક પદાર્થોથી મુંબઇ ઈલાકાના દારૂ વગેરે પીતા અને ન પીતા સ્ત્રી- પુરૂષ અને બાળક તમામ જાતના અને તમામ વર્ગના લોકોને માથે માથા દીટ માદક પદાર્થોનો જે કર પડ્યો તે સરે-રાશ આખા ઇલાકામાં.

છેલ્લાં પાંચ વર્ષમાં રૂ. ૦—૯—૦ હતો પણ
૧૯૦૫–૬ „ તે રૂ. ૦–૧૨—૦ આવ્યો.

આ કર મુંબઈ તળમાં

છેલ્લાં પાંચ વર્ષમાં રૂ. ૪—૧–૧૦ હતો પણ
તે વધી ૧૯૦૫–૬ માં રૂ. ૪–૧૩—૬ થયો.

આવા ચોખ્ખા આંકડા જોયા છતાં પણ એવા કેટલાક માણસો મળી આવે છે, કે જેઓ એમ કહેવાની હિંમત ધરે છે કે વધતી આવક એટલે વધતો માદક પદાર્થ એ કહેવું વ્યાજબી નથી. આ લોકોનું કહેવું એવું હોય છે કે માદક પદાર્થોની બદી ઓછી કરવાને અને બને તો તદ્દન નાબુદ કરવાને માટે પરોપકારી પુરૂષો તેવી તેવી વસ્તુઓ પર જાસ્તી અને જાસ્તી કર નાખવાને સરકારને સૂ-

ચના કરે છે. આ અને આવા બીજા કારણોને લીધે આવક વધે એ બનવા જોગ છે તે છતાં પણ દારૂનો ખપ વધ્યો ન હોય એ પણ બનવા જોગ છે. આ દલીલ ખરેખર તપાસવા જેવી છે. એ વાત બનવા જોગ છે—એ વાત સત્ય છે—પણ તેમ હજી આપણા દેશમાં બનતું નથી એ વાત પણ સત્યજ છે એમ નીચેના આંકડા વાંચતાં આપણી ખાતરી થાય છે; કારણ કે દારૂની માથા દીઠ ખપત —

	છેલ્લા પાંચ વર્ષમાં.		૧૯૦૫-૬માં.
અમદાવાદ શહેર તથા કાંપમાં.	૮-૩ ડ્રામથી	વધી	૧૦-૦ ડ્રામ થઇ.
સુરત શહેરમાં.	૨૬-૬ ,,	,,	૨૭-૫ ,,
ભરૂચ ,,	૨૪-૫ ,,	,,	૨૮-૩ ,,
બેલગામ શહેર તથા કાંપમાં.	૨૩-૫ ,,	,,	૩૧-૨ ,,
પુના શહેર અને કાંપમાં.	૨૩-૦ ,,	,,	૩૧-૩ ,,
બધા શહેરો ભેગાં લઇએ તો.	૧૬-૨ ,,	,,	૨૦-૨ ,,

જીલ્લાવાર જોતાં પણ ઉપરના એ આંકડા ખાતરી રાખવા લાયક લાગે છે.

જીલ્લાઓ.	છેલ્લા પાંચ વર્ષમાં માથાદીઠ સરેરાશ	૧૯૦૫–૬ માં
અમદાવાદમાં.	૩–૧ ડ્રામ ખપત હતી તે વધી	૩—૬ ડ્રામ થઇ.
ખેડામાં.	૦—૫ ,, ,,	૦—૫ ,, રહી.
પંચમહાલમાં.	૫–૫ હતી તેવધી	૭—૭ ડ્રામ થઇ.
ભરૂચમાં.	૭—૪ ,, ,,	૯—૨ ,, ,,
સુરતમાં.	૧૬–૫ ,, ,,	૧૯–૯ ,, ,,
બેલગામમાં.	૧—૬ ,, ,,	૨—૨ ,, ,,
થાણામાં.	૧૭–૭ ,, ,,	૧૯–૫ ,, ,,
પુનામાં.	૪—૨ ,, ,,	૫—૮ ,, ,,
મુંબઇમાં.	૩૧–૫ ,, ,,	૩૬–૧ ,, ,,
ખાનદેશમાં.	૬—૭ ,, ,,	૧૩–૭ ,, ,,
આખા મુંબઇ ઇલાકામાં	૫—૮ ,, ,,	૭—૫ ,, ,,

આ બધા આંકડા લેતાં **માદક પદાર્થોથી દ્રવ્યની ભારે હાનિ થાય છે** એ વાત નિર્વિવાદ છે.

(૬.) આસપાસના તથા આડોશીપાડોશી હેરાન થાય છે.

માદક પદાર્થોના સેવન કરનારાઓ પોતાની જાતનેજ નુકસાન કરે છે એટલું જ નથી, પણ તેઓ

આડોશીપાડોશીઓને પણ તેમની આ ઢંગધડા વગરની જીંદગીને લીધે હેરાન હેરાન કરી નાખે છે. આવા દુર્ગુણી લોકોની ખોટી ટેવોનો પાસ રખેને આપણા કુટુંબને લાગે એમ રાત દિવસ આડોશી-પાડોશી ડરે છે અને એ પાપ ક્યારે જાય, એ જોવા તલ્પી રહે છે. જ્યાં દારૂડીઆનું પોતાનું માલ-કીનું ઘર હોય છે ત્યાં બીચારા આડોશીપાડોશીથી નાશી શકાતું નથી. આવે ઠેકાણે સોબતની અસર જુવાન મંડળ પર થતાં વાર લાગતી નથી અને, પો-ળમાં એક માણસ અંગારો ફુંકે છે તો તેની આગ આસપાસના કુટુંબોમાં ફેલાય છે. અને વારંવાર અનેક કુટુંબ આ દુર્ગુણની હોળીમાં ઝપલઈ ભસ્મ થઈ જાય છે.

(ક) બાળબચ્ચાં.

પણ આડોશીપાડોશીઓ કરતાં આ વ્યસનીઓનાં બાળબચ્ચાં અને બૈરાંની દશા તો ખરેખર દયાજ-નકજ થઇ પડે છે. પ્રથમ આ ખરાબ લતોનો ગુ-લામ, પોતાનાં બાળબચ્ચાં પાસે પોતાને જોઇતી

ચીજ મંગાવે છે. આવે વખતે અણુસમજુ બાળક રસ્તામાં બીડી મોંઢામાં ઘાલી હું કેવો ફક્કડ ઇજીન દેખાઉં છું એમ સમજી, અથવા હું પણ કેવો હુક્કો ગગડાઉં છું એમ માની શરૂઆત કરે છે. અથવા તો બાપના પીતાં પહેલાં ઓખાં મ્હોમાં ઘાલે છે, અથવા પીધા પછી કોરાણે મુકેલો પ્યાલો ચાટે છે, અને શ્રી ગણેશાયનમઃ થાય છે. આગળ ચાલતાં આ એકડાનો બગડો થાય છે અને તેની જીંદગી નાનપણથીજ બગડે છે. દારૂડીઆ અને અન્ય વ્યસનીઓના દોસ્તો પણ તેમના જેવાજ હોય છે. તેમનામાં મગજનો કાબુ જતે વિષયવૃત્તિ વધે છે. આથી દારૂડીઆના અને અન્ય વ્યસનીઓના ઘરનાં બચ્ચાં છોકરાં પોતાના મિત્રોની પાપવૃત્તિના વારેવાર ભોગ થઇ પડે છે. વ્યસનમાં દ્રવ્યનો નાશ થતે બાળબચ્ચાંને ખાવા પીવા અને ઓઢવા પાથરવાના સાંસા પડે છે, એટલે કેળવણીનું તો પુછવુંજ શું ? આમાં બાપનો દાખલો દરરોજ દીકરાની નજર પાસે ખડોજ હોય, એટલે પોતાના ખપ જોગ પૈસાને માટે બાપ ચોરી દગલબાજી, વગેરે જે જે કરે છે તેમાં

છોકરાં પણ પાવરધાં થાય છે. છેલ્લે પૈસા જતે તેમની સ્થિતિ તદ્દન કફોડી થાથ છે અને બૈરાંછોકરાં રોટલી વગર રવડી મરે છે.

(૭) કટેવ માણસને ગુલામ બનાવે છે.

વળી જેમ જેમ વ્યસન વધે છે તેમ તેમ તે લત વ્યસની ઉપર પોતાનો કાબુ પાકો કરતી દેખાય છે. અને વખત એવો આવે છે કે વ્યસની, એક વિદ્વાન પાક્કા અનુભવથી લખી ગયો છે કે "He will have the terrors of Perdition in order to obtain it" તેમજ દુર્વ્યસનનો સદાનો દાસ થાય છે.

(૮) જનસમાજને નુકસાન.

દેશે દેશની ઇસ્પીતાલો, ગાંડાના ઘરો, મેજીસ્ટ્રેટો-પોલીસ, ન્યાયાધીશો, આબકારી ખાતાંઓ, ગુન્હાઓ, રોગો, જેલો તેમજ વારસામાં ઉતરી આવતી કટેવો, ટુંકાણમાં દુનીઆના દુઃખો ઘણો મોટો ભાગ થોડાની આવી કટેવોને લીધે આખા જનસમાજને સહેવો પડે છે.

(ક) દુનીઆ પર સ્વર્ગ.

સોસાઇટી ટાપુઓના નામથી ભૂગોળવિદ્યાના અભ્યાસીઓ પેસિફીક સમુદ્રમાં આવેલા જે ટાપુઓના સમૂહને ઓળખે છે તેમાંનો છેલ્લો પણ અતિ રમણીય ટાપુ—**પીટકેર્ન** જેને ઇતિહાસકારો **પેસિફિક મહાસાગરનું સ્વર્ગ** એ નામથી ઓળખે છે તે. ટાપુને એ નામ શાથી મળ્યું તેનો ઇતિહાસ તપાસનારને માલમ પડે છે કે **એ ભાગમાં કોઈ દારૂ કે માંસ લેતુંજ નથી.** સઘળા રહેવાશીઓ માત્ર ફળફળાદિ અને અન્નાહાર કરનાર છે. **તેઓ ઘણાજ મજબુત, સુંદર કદાવર, મીલનસાર અને તદ્દન દુર્ગુણ રહીત** છે. જે જે યુરોપીયનો ત્યાં ગયા છે તેઓ તેમની શારીરિક, માનસિક, અને નૈતિક સ્થિતિ જોઇ દિંગ થઈ ગયા છે, અને તેમાંના એકે તેમનું જે બ્યાન આપ્યું છે તેમાંનું થોડુંજ જેવું ને તેવું અહીં ઉતાર્યું છે.

" The Agility and strength of these natives were as great, that the stout est & most expert English sailors

were no match for them in wrestling and boxing." They are described as finely formed, with open and benevolant countenances. "They are certainly a finer and more athletic race than is usually found among the families of mankind."

"Yams constitute their principal food, either boiled, baked, or mixed with cocoanut made into cakes, and eaten with molasses. Taro-root is no bad substitute for bread, and Bananas, plantains, and appoi are wholesome and nutritive fruits. The common beverage is water."

કેપ્ટન વર્થ જે ત્યાં ૧૮૪૮ માં ગયો હતો તે કહે છે કે:- "I never was gratified as by my visit, and would rather have gone there than to any part of the

world. They are the most interesting cenented and happy people that can be coceived. The comfort, peace, strict morality, industry, and excessive cleanliness and neatness apparent about them, were really such as I was not prepared to witness: their learning and attainments in general education was astonishing; the men & women are a fine race, and their manners of a really superior order-ever smiling and joyous; but one mind, and one wish seems to actuate them all. *Crime appears to be unknown, and if there is really true happiness on earth, it is surely theirs.* The island is romantic and beautiful; the soil of the richest deshcription, yielding almost every firuit and vegetable . In short *it is*

એક બાજુ પીટકેર્ન, ન્યુઝીલેન્ડનો ટાપુ, પેસ્યુ ટાપુઓના રહેવાશીઓની સ્થિતિ તપાસો, તેઓનાં શરીર, મન અને નીતિ કેમ તદ્દન ખામી વગરનાં છે તેનો ખ્યાલ કરો, તેમનામાં રોગ, ગુન્હા, અનીતિ, આળસ, દુર્ગુણ વગેરેનો કેમ અંશ માત્ર પણ દેખાતો નથી તે ખોળો, અને સાથે સાથે સુધરેલા સમયનું સત્યાનાશ કાઢનાર સમર્થ સાધન દારૂ અને અન્ય ખરાબ વ્યસનો આધુનિક સમયમાં જન સમાજ પર કેટલો કેર વર્તાવે છે તે પણ તપાસો, અને તમારી પોતાની મેળે નક્કી કરો, કે પીટકેર્નને પેસિફિકનું સ્વર્ગ કેમ કહ્યું હશે? તથા એવું સ્વર્ગ આખી દુનીઆ પર કેમ જોવામાં આવતું નથી?

ચાલતા સમયમાં જન સમાજને સુખ આપવાને માટે, જે જે અસંખ્ય શોધો અને અગણિત સુધારા અને સગવડો દાખલ થઈ છે અને થાય છે તેનો ખ્યાલ કરો, અને તેમાં કંટક રૂપ દારૂ અને અન્ય માદક પદાર્થોને પણ મુકો, અને બીજી બાજુએ આ સઘળા સુધારા વગરના, આ સઘળી સગ-

ડો અને સઘળા સુખના સાધનોથી અજ્ઞાન પીટકેર્ન, પેલ્યુ અને ન્યુઝીલેન્ડના ટાપુઓમાં વસતા માત્ર પાણી અને ફળ ફળાદી પર રહેનાર અસલી રહેવાસીઓને ઉભા રાખો, અને પુછો કે આટલાં સુખના સાધનો છતાં પણ દુનીઆના લોકો આટલા દુઃખી શા માટે છે? અને એ સુખનાં સાધનો વગર, દુનીઆના ખુણાખોચરામાં પડેલા, આ નાનકડા ટાપુઓના દુનીઆ પાર પડેલા રહેવાશીઓની જીંદગી આવી પવિત્ર, આવી સંપૂર્ણ રીતે સુખી, કેમ છે!

સદ્‌ગૃહસ્થો સવાલ માત્ર સરવાળા બાદબાકીનો જ છે, ને હું ધારૂં છું કે એમાં ભાગ્યેજ મારી મદદની જરૂર છે; અથવા નીચેનું દૃષ્ટાન્તજ બસ છે.

(ખ) લેપલેન્ડનો સુધારો.

એકજ સદીમાં લેપલેન્ડમાં એક જબરો સુધારો દાખલ થયો છે. ઘણા ભાગોમાં દારૂ મળી શકતોજ નથી, અને સો સો માઇલ સુધી કોઈ દારૂ વેચતુંજ નથી. લુલ્કા અને બીજાં કેટલાંક ગામોમાં જલદ દારૂનો વેપારજ નથી. આથી ૨૦૦૦ અને ૩૦૦૦ માણુસો વર્ષની શરૂઆતથી તે અંત સુધી સલાહ

શાંતિ અને તંદુરસ્તીમાં રેહે છે. ત્યાં મેજીસ્ટ્રેટની જરૂરજ પડતી. પોલીસ દેખાતોજ નથી. ભીખારીનું નામ નથી. ગુન્હેગાર હોતોજ નથી. દાક્તર, કોરોનર-ભેદ ભરેલા મરણો વિષે તજવીજદાર કે વીમા કંપનીઓનું નામનિશાન પણ દેખાતું નથી. કારણ કે ત્યાં દારૂ નથી.*

(૯) આડકતરી હાનિ.

માદક પદાર્થોથી થતી સીધી હાનિ દુનીઆમાં કેટલો અનર્થ કરે છે તે આપણે જોયું. પણ આ સીધી હાનિઓ કરતાં માદક પદાર્થોના સેવનથી જે આડકતરી હાનિઓ થાય છે તે સમજ્યા વગર આ પાપનું ખરૂં સ્વરૂપ સમજવું મુસ્કેલ છે એમ મારો મત છે.

(૧.)માદક પદાર્થનો ખપ તેની પેદાશનું કારણ.

જયારે જયારે પ્રજાના આગેવાનો માદક પદાર્થોની

---

* See Temprance Text book by Dr. Leeds. P. 147.

બદીઓ બંધ કરવાને માટે સરકારને ભલામણુ કરે છે ત્યારે ત્યારે દરેક વખતે બીજા બધા ઉત્તર કરતાં સહેલામાં સહેલો ઉત્તર એ મળે છે કે લોકોની જરૂર પૂરી પાડવા સિવાય માદક પદાર્થોનાં પીઠાં ખોલવામાં સરકારનો બીજો કંઈ પણ ખાસ મુદ્દો નથી. આ રીતે જોતાં માદક પદાર્થોનો ખપ તેની પેદાશનું કારણ છે. પણ આ ખપનું મૂળ અજ્ઞાન છે, અને એ અજ્ઞાનને અંગે માદક પદાર્થોદ્વારા હજારો હાનિકારક ઉદ્યોગો જાગે છે.

(ક.) માદક પદાર્થો પેદા કરનાર દાણાદુણી વગેરે બગાડે છે.

દારૂ પેદા કરનાર દાણાદુણી ફળફળાદિ જેમાંથી દારૂ બને છે તેનું સત્યાનાશ વાળે છે, વળી તેને બદલે જે ઝેર-હળાહળ-પેદા થાય છે તે હજારો અને લાખોનું કાચતું કરે છે. માત્ર જે દારૂ રસાયણમાં, બાળવામાં, રંગ બનાવવામાં અને અન્ય ધંધામાં કામ લાગે છે તે સિવાયનો તૈયાર થતો સઘળો દારૂ દુનીઆમાં દુઃખજ વધારે છે.

(ખ) મોંઘવારી, દુકાળ વગેરેને મદદ કરે છે.

અફીણુ, ગાંજો, ચડસ, ચંડુલ વગેરે બનાવનાર તેતે પદાર્થોના દવા તરીકે ઉપયોગ થાય તેટલા પ્રમાણુમાં તે તે પદાર્થ બનાવે ત્યાં સુધીજ જન સમાજને મદદ કરે છે. પણુ તે ઉપરાંતનો જેટલો એ હરેક પદાર્થ, લહેજ ખાતર, વિષયવાંછના તૃપ્ત કરવા ખાતર, આ દુનીઆમાં ખપે છે—અને યાદ રાખવું કે આ અંગેજ આ પદાર્થોનો મોટો ઉપાડ થાય છે—તે તે સઘળા પદાર્થ તૈયાર કરવામાં રોકાયલાં ખેતરો, કારીગરો, કારખાનાંઓ, દ્રવ્ય તેમજ વેપારીઓ અને એ ઉપર દેખરેખ રાખનાર સરકારી માણુસો વગેરે તમામ સાધનો, જો અન્ય કામે લાગ્યાં હોત તો દુનીઆને જે ફાયદો કરી શકત તે ફાયદો જનસમાજને મળતો નથી, પણુ તેથી ઉલટું જ દુનીઆના દુઃખમાં વધારો કરે છે; કારણુ કે આવા પદાર્થોનો ઉપયોગ કરનાર તન, મન અને ધનથી ખુવારી કરે છે, અને મોંઘવારી, દુકાળ, રોગ, દુઃખ, કટવો, દુરાચરણુ વગેરેને વગર કારણુનાં વહોરે છે.

(૨) માદક પદાર્થો તૈયાર કરવામાં રોકાયલાં માણસો દુશ્મનની ગરજ સારે છે.

જ્યારે ખેડુત ઘઉં ચોખા વગેરે પકવી, મજુર કારીગર દરજી મોચી વગેરે ધંધાધારી અથવા વેપારી શિક્ષક દાક્તર વૈદ્ય વગેરે અનેક ધંધામાં લાગેલા અનેક માણસો પોતાના બાહુબળથી અથવા બુદ્ધિબળથી અથવા બન્નેનો ઉપયોગ કરી, કોઈ પણ નવું ધન પેદા કરે છે, કોઇ પણ નવું સુખનું સાધન વધારે છે, ત્યારે આ માદક પદાર્થ બનાવનાર અને વેચનાર, પ્રાણી માત્રની જીંદગી ટુંકી કરે, દુનીઆના દુઃખનો વધારો અને સુખનો ઘટાડો કરે, એવો હળહળતો ઝેરી પદાર્થ તૈયાર કરે છે.

(૩) એમાં રોકાયલું દ્રવ્ય જીંદગી અને સુખનો નાશ કરે છે.

આ રીતે દારૂ અને અન્ય માદક પદાર્થોમાં રોકાયલું દ્રવ્ય, જે અન્ય ધંધાઓમાં રોકાયું હોત તો દેશમાં નવાં નવાં સાહસો ખેડવાને, નવા નવા ધંધા ઉભા કરવાને, નવી નવી કેળવણી લઈ નવી નવી

ચીજો બનાવવાને લોકોને તૈયાર કરત, તે સઘળું દ્રવ્ય, આ ઝેર બનાવવામાં રોકાય છે.

દારૂ નિષેધ અને જન સુખાકારી વિષે ભાષણો અપાવી લોકોનું મન તે તરફ દોરવાના ઇરાદાથી ફંડ ઉભું કરનાર, આ ગામમાંજ–પુરૂષો અને સ્ત્રીઓને માટે ખાસ દવા વગેરેની સગવડ પૂરી પાડવાને માટે, તેમજ કેળવણીને માટે જુદે જુદે વખતે નાણાંની મોટી રકમો પ્રજા–સેવાને માટે સરકારના હસ્તકમાં સોંપનાર, તથા હમણાંજ સાયન્સ શાસ્ત્રને લગતી વિદ્યાવૃદ્ધિથી આપણા શહેરીઓને ફાયદો મળે એ માટે રૂ. ૪૦૦,૦૦૦ મુંબઈના ના. ગવરનર સાહેબના હસ્તકમાં સોંપનાર મર્હુમ રા. બા. રણછોડલાલ તથા તેમના પૌત્ર રા. શેઠ ચીનુભાઇ સાહેબની આખું અમદાવાદજ નહીં પણ આખો ઇલાકો અને આખું હિન્દુસ્તાન જય જય બોલે છે. આવા પરોપકાર કરનારની વાહ વાહ કોણ ન બોલે? પણ આ રીતે આખા ઈલાકામાંથી અપાતી–

રૂ. ૧ લાખની

રૂ. ૨ ,,

રૂ. ૪ લાખની

રૂ. ૧૦ „ સખાવતો સાથે માદક પદાર્થો-
માંથી માત્ર સરકારનેજ આ ઇલાકામાં થતી

રૂ. ૧૨૫ લાખની ઉપજ

સરખાવો, અને જુઓ કે એક બાજુ તરફથી આ સખી માણુસો આપણું સુખ વધારવાને અને દુઃખ ઘટાડવાને જે પ્રયાસ કરી રહ્યા છે તેના પ્રમાણુમાં, આપણે જાતે જ એવા સખી માણસોની ઉદારતા ઉપર છીણી મેલવાને માટે માદક પદાર્થોનું સેવન કરી, ૧૦,૨૦,૨૫ અને ૧૦૦ ગણી રીતે કેવા દુનીઆના દુઃખ વધારવામાં મચી રહ્યા છીએ ?

(૪) અન્ય ઠેકાણે રોકાયું હોત તો એ દ્રવ્ય ઘણા ફાયદા કરત.

બીજી રીતે કહીએ તો જે કામ આપણામાંના ધનાઢ્યમાં ધનાઢ્ય ઘણા દિવસ વિચાર કરી, હજાર ગયણે ગાળી, એ ચાર વર્ષે એક વાર એક મોટી સખાવત કરી કરી શકે છે, તેવાંજ નહીં પણ તેથી ૧૦,૨૦,૨૫,૫૦ અને ૧૦૦ ગણાં મોટાં કામો અને

સખાવતો આપણે દરેક જણુ દર વર્ષે, માદક પદાર્થોમાં માત્ર સરકારનાજ ઘરમાં જાય છે એટલુંજ રોકાણુ કરીએ તો પણ, સહેજમાં કરી શકીએ એમ છે.

૧૯૦૬–૭ માં સ્વદેશી હીલચાલ અને બોયકોટથી મીલ ઉદ્યોગને જે નવો જુસ્સો મળ્યો તેનો મુંબઇ ઇલાકાનો આંકડો રૂ. ૧ કરોડનો અડસટીએ તોપણ આવી મોટી રકમો કાઢયા પછી આપણને તેવાં મોટાં સાહસો ફરી માથે લેવાને માટે જે થાક ખાવાની, જે આરામ લેવાની, જરૂર લાગે છે, તેવી કંઈ પણ જરૂર જો આપણે આ માદક પદાર્થોમાં ખરચાતા રૂ. ૧૨૫ લાખ અને એવી મોટી રકમોનો થતો ખર્ચ રોકી શકીએ તો જરા પણ લાગે નહીં.

આ સવાલ તરફ આ રીતે દૃષ્ટિ ફેરવનારને સમજાશે કે, વેપારવણજ વધતે, ધંધાઓની નવી ધમાલ અને ધાંધલો ઉભાં થતે, નાણાંની જે નવી તંગી દર વર્ષે આપણા બજારોમાં માલમ પડે છે, અને જેને લીધે મોટા મોટા શ્રીમંતોને આજના વખતમાં પૈસાદાર સરાફો તથા નાની મોટી મુડીવા-

જાઓની પાસેથી નાણું ઉઘરાવી લાવનારા દલાલો-
ની હાંડીમાં જે હાથ ઘાલવાની, તથા તેમને આખો
દિવસ આળપંપાળ કરવાની, જે જરૂર પડે છે તે
જરૂર, જો તેઓ પોતાના ધંધામાં રોકાતા મજુરોને
અને કારીગરોને પીઠામાં જતા રોકે, અને દારૂ અને
અન્ય માદક પદાર્થોમાં અને તેની પાછળ પાછળ
આવતી હજારો ખરાબ લતોમાં તેઓ કેવા ખરાબ-
ખસ્ત થઈ જાય છે તેનું તેમને બરાબર ભાન કરાવે,
તો હું ધારૂં છું, કે દરેક મીલના કારીગરોજ, પોતાની
કમાઇની બચતમાંથીજ, પોતાનાં કારખાનાંઓ ચલાવે,
અને હાલમાં ઉદ્યોગ ધંધા વગર ઉજ્જડ લાગતો,
પૈસાની તાણુને લીધે પીડાતો, દાણા છતાં દ્રવ્યની
ખોટથી દુકાળમાં ડુબી જતો દેશ, થોડાજ વર્ષમાં
આબાદ થાય. પરદેશની કંપનીઓ અને પરદેશના
પૈસા આપણી રેલ્વેઓ અને નહેરો, આપણા ડોક
અને સ્ટીમરો, આપણાં કારખાનાંઓ અને ખાણોના
માલીકો છે તે જતા રહી આપણા દેશીઓનેજ હાથ
સઘળા ધંધા આવે.

તાતાની રીસર્ચ ઈન્સ્ટીટયુટ જેવી શાળાઓ કા-

ઢવાને માટે સરકાર અને પ્રજા ભેળી મળી કામ કરે તોપણ દસકો વહી જાય, સેંટ્રલ હિંદુ કોલેજ જેવી સંસ્થા પણ સારૂં પગલી ભરી શકવાની સ્થિતિમાં, દેશના એક ખુણાથી બીજા ખુણા સુધી, એક વિદેશી બાઇ એક વાર નહીં, પણ અનેક વાર ફરી ફરી દેશના સુધરેલા ભણેલા અને ગણેલા હિંદુ, મુસલમાન, પારસી, જ્યુ, ખ્રીસ્તિ, દેશી અને યુરોપીઅનોની મદદ લે ત્યારેજ આવી શકે; આપણા પછાત પડેલા ભાઇઓની કેળવણીને માટે સારામાં સારી સંસ્થા, આ દુનીઆના એક દેશ નહીં પણ ખંડ મનાતા–વિશાળ હિંદુસ્તાનમાં; તેના સ્થાપક અને પિતા સરસૈયદ અહમદ જેવા એક ધનાઢ્ય, બાહોશ અને જબરી લાગવગવાળા મુસલમાન ગૃહસ્થ આખા દેશના મુસલમાનભાઇઓના મગજમાં વર્ષોનાં વર્ષો સુધી જાતિઅભિમાનનો પાનો ચઢાવે ત્યારેજ ઉભી થઇ શકે. આ ચિતાર એક બાજુ ખડો કરો અને એવી દસ દસ, વીશ વીશ, અને પચીસ પચીસ સંસ્થાઓ, દરેક ઇલાકો, દરેક પ્રાંત અને દરેક શહેર પોતાની માફક પદાર્થોમાં ખરચતી મુડીમાંથીજ ઉભી

કરી શકે એમ છે એ ચિતાર બાજી બાજુએ ખડો કરો, તો આ પીઠાંઓ, આ અફીણ, ગાંજો, માજમ, ચંડુલ, ચરસ અને નાનાં મોટાં ગામોમાં ઠેર ઠેર જોવામાં આવતી બીડી અને તંબાકુની દુકાનની બાબતમાં આપણે કેટલો વિચાર કરવાની જરૂર છે એ આપણાથી સમજાય.

(૫) માદક પદાર્થોને અંગે ઉભાં થતાં ખાતાં વિષે વિચાર કરવાની જરૂર.

આબકારી આવકના આ આંકડાઓ સાથે સાથે, જો આપણે તે કામને અંગે, એટલે માદક પદાર્થોના રોકાણને માટે, તેમના ઉપર અંકુશ રાખવાને માટે સરકાર નાના મોટા પગારના જે નોકરો રાખે છે, તેમના ખરચમાં જે દ્રવ્ય રોકે છે, તેનો અડસટ્ટો કાઢીએ, તો પ્રજા હાલમાં જે કર નીચે કચડાઇ મરે છે, અને તેથી હિંદુસ્તાનમાં રાત દિવસ જે રડારોળ અને કકળાણ થઈ રહે છે, તે ધીમે ધીમે કેમ ઘટે, ખેતરોનાં ખેતરો અને જમીનોની જમીનો વગર ખેડાયલી પડી રહે છે અથવા તો ચોમાસાના ચાર

(અથવા બે) મહિનાજ તેમાં કંઇક વાવેતર જોવામાં આવે છે. તે સઘળી જમીનો આખા વર્ષ લગણ ખેડાણમાં કેમ રહે, ખાતરની ખોટને લીધે દેશની જમીનો જે ખેડાણ થયા છતાં પણ કંઇ પણ આવક અથવા સારી આવક આપી શકતી નથી તેમાં નવું ખાતર કેમ નાખી શકાય, તેમને કેવી રીતે ફળદાયી બનાવી શકાય, મોટાં મોટાં શહેરોમાં અને નાનાં નાનાં ગામડાંઓમાં પણ ભીખારીઓનું જે ગંજાવર લશ્કર કામકાજ વગર પ્રજા ઉપર બોજારૂપ થઇ રખડે છે, અને દેશમાં હજારો જાતની બદફેલીઓ અને રોગોનો વધારો કરે છે, અને જેથી રાજા અને પ્રજાના મનમાં તેમનું કંઇક ઠેકાણું પાડવાને માટે વારંવાર ચિંતા થયા કરે છે, તેમને કોઈ પણ કામમાં રોકી પ્રજા પરનું એ દબાણ કેવી રીતે ઓછું થાય, અને રાજા અને પ્રજા બન્ને શી રીતે આબાદ થાય, તે વિષે કંઇક સમજ પડે.

(૬) પ્રજા પર પડતો વિના પ્રયોજનનો બોજો.

આબકારી ખાતા પર સાધી રીતે અંકુશ રાખ-

વાને માટે રોકાયલા સરકારી નોકરો ઉપરાંત આ માદક પદાર્થોથી સરકારને ઘણું આડકતરૂં ખર્ચ પણ વેઠવું પડે છે. એમાં મુખ્ય પોલીસખાતું, ન્યાયાધીશો, જેલો, જેલરો, ડાક્તરો, દવાખાનાંઓ, ગાંડાની ઇસ્પીતાલો વગેરે છે. આ સઘળાં ખાતાંઓના ખર્ચનો મોટો ભાગ, અને તેમાં દિન પ્રતિ દિન થતા વધારાનો મોટો ભાગ, પણ આ માદક પદાર્થોથીજ છે. ચોર, ખુની, લુચ્ચા, લફંગા અને બદમાસોને ખોળવાને માટે પ્રથમ પોલીસ પીઠાંઓમાંજ ખબર કાઢે છે. આ જોતાં આ બાબતમાં પીઠાંઓની હયાતી કેટલે અંશે સહાયભૂત છે તે આપણને સહેલાઇથી સમજાય છે.

મોટા મોટા ગુન્હાઓ, ખુનો, લુંટફાટો, ચોરીઓ, મારામારીઓ, ખોટા દસ્તાવેજો વગેરે કેસોમાં એક અથવા બીજો માદક પદાર્થ કેવી રીતે વાપરવામાં આવ્યો હતો તે આપણે વારંવાર સાંભળીએ છીએ. માદક પદાર્થો પર કોઇ પણ રીતે લોકોની અપ્રીતિ ઉભી કરવી, તેમના મનમાં તે તે પદાર્થો તેમને કેવી રીતે ખરાબખસ્ત કરે છે તે ઠસાવવું એ જન સ-

માજને કેટલું લાભદાયી છે, એ વાત ઉપરના ગુન્હા-ઓની બાબતમાં તપાસ કરનાર અમલદારો જ્યારે ત્યારે આપણને સમજાવે છે. જો એ સઘળા ગુન્હાઓ અથવા તેમનો મોટો ભાગ માદક પદાર્થોને લીધે જ હોય, તો તો તેમને અંગેજ નભતાં મોટાં મોટાં ખાતાંઓ, સઘળા માદક પદાર્થોને લીધેજ નભે છે, એટલે તેમનો ખર્ચ આપણી પોતાની કટેવોને લીધે જ વેગરવો પડે છે, એ સમજવું જરાએ મુસ્કેલ નથી.

એજ રીતે માદક પદાર્થોથી ઉભા થતા રોગોને મટાડવાને માટે ઉભી કરવામાં આવતી ઇસ્પીતાલો, ગાંડાનાં મકાનો, ગરીબોને રાખવાનાં ઘરો, અનાથાશ્રમો, કામ કરવાનાં મકાનો તથા જેલો, કારીગર વર્ગની મોટી આવકો છતાં તેમનાં પડું પડું કરતાં ઝુપડાંઓ, તેમનાં ફાટયાં તુટયાં લુગડાંઓ, તેમનાં ચીમાવઈ ગયેલાં નિસ્તેજ મોઢાંઓ, તેમનાં હાડકાં પાંસળાં અને ચામડાંના હાડપીંજરરૂપ શરીરો, તેમનાં કેળવણી વગર અજ્ઞાનમાં રહેતાં બૈરાંઓ, તથા તેમની કટેવોમાં અને અજ્ઞાનમાં ઉછરેલાં તેમનાં બાળકો,

તેમના કાંધીઆઓને ત્યાંના તગાદાઓ, દુકાણુમાં તેમના અસંખ્ય દુઃખોનો મોટો ખુલાસો, આ માદક પદાર્થો અને તેથી ઉત્પન્ન થતાં દુઃખોજ છે.

(૭) માદક પદાર્થ ન હોત તો જનસમાજની શી સ્થિતિ હોત?

માદક પદાર્થો ન હોત તો આ સઘળી દુનીઆની હાલત–મજુરો, કારીગરો, વેપારીઓ, ધંધાધારીઓ, પોતાના વિવિધ ધંધા હુન્નરની પેદાશ વિવિધ રીતે પોતાના કુટુંબને સુખ આપવાનાં સાધનો તૈયાર કરવામાં રોકત. તેમનાં બાળબચ્ચાં અજ્ઞાન રહી તેમના અકાળમૃત્યુથી નિરાધાર થઈ અનાથાશ્રમોમાં રવડી મરે છે, અથવા તો પ્રજા પર બોજારૂપ થઇ પડે છે તે ન થાત. તેમનું આયુષ્ય લાંબુ રહેત, એટલે તેઓ વધારે કામ કરત, અને વધારે બળવાન થાત. તેમનાં બૈરાં છોકરાંને, દરરોજ, તેમના ઘરમાં થતો કંકાસ, મારામારી, તથા ગાળાગાળી જોવી ન પડત, એટલે તેઓ જુદીજ રીતે ઉછરત, અને પોતાના કલ્યાણના કંઇક સારા માર્ગ શોધી શકત. તેમનાં ઘરો આજ પડું કાલ પડું જેવાં તકલાદી

માલનાં હોવાને બદલે મજબૂત અને સારાં હવા પાણી અને અજવાસ વાળાં હોત. તેમનાં કપડાં ગંદાં, ગંધાતાં, ફાટયાં તૂટયાં હોવાને બદલે તેઓ સારા સદ્‌ગૃહસ્થોના જેવા પોષાકમાં ફરતા હોત; તેમની સ્થિતિ આ પ્રમાણે દરેક રીતે સારી હોત એટલે તેઓ સારી સોબતમાં, સારા સહવાસમાં ઉછરત. તેઓ નાણું વધારત, એટલે દારૂને અંગે થતું ગંજાવર ખર્ચ અટકત. વળી તેમનાં ખીસ્સાં તર રહેત, એટલે તેઓજ પોતાનાં કારખાનાં કાઢત, તથા હાલમાં વારંવાર અણુઘડ અને અજ્ઞાન શેઠોના હાથ નીચે કામ કરવાનું હોય, તેઓ કારખાનાંઓમાં હોંસ અને આવડ છતાં જે સુધારા વધારા દાખલ કરી શકતા નથી તે દાખલ કરી શકત. વળી તેમની તબીઅત સારી રહેત. એટલે તેમનું મગજ પણ વધારે ખીલત, પોતાના ધંધામાં વધારે કાબેલીઅત દેખાડી શકત અને પોતાની નીતિ પણ વધારે સારી કરી શકત. આ રીતે ગામેગામ જોવામાં આવતા રોગો અને ગુન્હાઓ ઘટી જાત, અને રાજા અને પ્રજા બન્ને આબાદ થાત. રોગો ઓછા થાત, એટલે

ઇસ્પીતાલો વગેરેમાં રોકાતાં નાણાં તથા બુદ્ધિ કંઇક દેશકલ્યાણના બીજા કાર્યમાં રોકાત; અને ગુન્હા ઘટત, એટલે પોલીસ, ન્યાયાધીશ, જેલો, વગેરેનું ગંજાવર લશ્કર લોકોની આબાદીના કોઇક નવાજ રસ્તા ખોળત. ટુંકાણમાં, દારૂ અને અન્ય માદક પદાર્થોથી ઉભાં થતાં દુઃખોમાં દુનીઆ જે દરરોજ દટોતી ને દટાતીજ ચાલે છે તે કંઇક ઓરજ રૂપ લેત, અને આ દુઃખમય દુનીઆને બદલે પૃથ્વી ખરેખર સ્વર્ગ જ થઇ પડત.

(૮) સમજી શકાય અને ન સમજી શકાય એવાં દુઃખોનું કારણ માદક પદાર્થો.

આ બધી તપાસ કરતાં આપણી ખાતરી થાય છે કે માદક પદાર્થો આપણે સમજી શકીએ અને ન સમજી શકીએ એવા અસંખ્ય દુઃખોને ઉત્પન્ન કરનાર અને પોષનાર છે. ટુકાણમાં **દારૂ નરકનું દ્વાર** છે. પ્રખ્યાત ઇંગ્રેજી લેખક ડેનીઅલ ડીફોએ આ ભોપાળું ધાર્મિક પણ એવા સરલ શબ્દોમાં બહાર પાડયું છે, કે તેનો તરજુમો કર્યા વગર જ તેનાજ શબ્દો અહીં ટાંકી દેવા યોગ્ય જણાય છે.

"Go back to causes where our follies dwell,
And fetch the dark original from Hell...
Drunk'nness, the darling favourite of Hell,
Chose Germany to rule, and rules so well.
No subjects mere obsequiously obey;
None please so well or are so pleased as they.
The Cunning Artist Manages so well
He lets them bow to Heav'n and drink to Hell.
If but to Wine and him they homage pay

He cares not to what deity they pray—
What God they worship most, or in what way,
Whether by Luther, Calvin, or by Rome
They sail for Heav'n—*by Wine he steers them home.*"

સાર્વજનિક આરોગ્ય તથા માદક નિષેધ સંબંધનાં સોસાઈટીએ છપાવેલાં પુસ્તકો.

આરોગ્યતાનાં મૂળતત્વો.	
કેફ નિષેધક...	
કેફી વસ્તુનું વર્ણન.	
દારૂ વિષે ભાષણ.	
મદ્યપાન નિષેધ....	૦—૦—
શહેરોની આરોગ્યતા.	૦—૦—૬
સાર્વજનિક આરોગ્ય....	૦—૧—૦
સાર્વજનિક આરોગ્ય વિષે ભાષણ નં. ૨...	૦—૧—૦
હિન્દુસ્તાનમાં આરોગ્યતાનો સુધારો. ...	૦—૩—૦
મરકી વિષે ભાષણ.	૦—૧—૦
માદક પદાર્થોના સેવનથી થતિ હાનિ. ...	૦—૧—૦
દારૂ, અને તેથી તન મન અને ધન ઉપર થતી અસર.	૦-૧૦-૦